RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 191* Date: 09.05.2021 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગુજરાતને ૧૬૦૦ મેટ્રિક ટન સામે ૯૭૫ મેટ્રિક ટન જ મળે છે, ચીફ સેક્રેટરી અનિલ મુકિમનું સુપ્રીમમાં સોગંદનામું

# રૂપાણી સરકારે સુપ્રિમકોર્ટમાં કહ્યું, કેન્દ્ર તરફથી પૂરતો ઓક્સીઝન નથી આપતી

## ગુજરાત સાથે અન્યાય કરી રહી છે મોદી સરકારઃ પહેલા ઓક્સિજનમાં કાપ મુક્યો હવે રેમડેસિવીર પણ ઘટાડ્યા, રાજ્યમાં ઓક્સિજનના અભાવે દર્દીને સારવાર નથી મળી રહી



ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોનાા સંક્રમણ મુદ્દે સુપ્રીમ કોર્ટે કરેલી સુઓમોટો અરજીમાં ગુજરાત સરકારે શુક્રવારે જવાબ રજૂ કર્યો છે. જેમા સરકારે જણાવ્યું કે પાંચ મેના રોજ સરકારને ૧૪૦૦ મેટ્રીક ટન ઓક્સિજનની જરૂર પડી હતી અને ૧૫ મેના રોજ રાજયને ૧૬૦૦ મેટ્રીક ટન ઓક્સિજનની જરૂર પડશે. જો કે કેંદ્ર સરકાર તરફથી તેમને ૯૭૫ મેટ્રીક ટન ઓક્સિજન જ મળે છે. વિનંતી છતા તેમાં હજુ સુધી કોઈ વધારો કરાયો નથી.


ઓક્સિજનના અભાવે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા કે ઓક્સિજન થેરાપી માટે મેડિકલ ટ્રીટમેંટ આપવાની ના પાડવી પડે છે. રાજયમાં ૧૧ હજાર ૫૦૦ થપારીઓ વપરાયા વગર ખાલી પડી છે. આ સ્થિતિ અંગે કેંદ્ર સરકારે જાણ કરાઈ છે અને ઓક્સિજનની ફાળવણી વધારવા વિનંતિ કરાઈ છે.

રાજયમાં ઓક્સિજનનો ૪૦૦ મેટ્રીક ટનનો બફર સ્ટોક રાખવા અંગે કેંદ્ર સરકારને છ મેના રોજ સંપર્ક કરાયો છે. રાજયમાં હાલ કેટલાક પ્રતિબંધો દાલવામાં આવેલા હોવાથી ઈમરજન્સી બફરસ્ટોક ઉભો કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટને રાજયમાં વેક્સિનેશનને લઈને પૂરતી સુવિધા કરાઈ છે.

રાજયમાં કોવિડ ૧૯ વેક્સિન સ્ટોરેજ માટે રિજલન લેવલે છ વેક્સિનેશન સ્ટોર્સ, જિલ્લા અને મહાનગરપાલિકા સ્તરે ૪૧ સ્ટોર્સ અને બે હજાર ૧૮૯ કોલ્ડ ચેઈન પોઈંટ ઉપલબ્ધ છે. કેંદ્ર તરફથી ૧૬૯ આઈસ લાઈન્ડ રેફ્રિજરેટર્સ રાજયને મળ્યા છે. રાજય પાસે કોવિડ-૧૯ના એક કરોડથી વધુ ડોઝ સ્ટોર કરવીન ક્ષમતા છે. છ મે સુધીમાં રાજય પાસે વેક્સિનના કુલ પાંચ લાખ ૯૬ હજાર ૪૧૦ ડોઝ ઉપલબ્ધ છે. જેમાં કોવિશિલ્ડના કુલ ત્રણ લાખ ૯૫ હજાર ૯૨૦ અને કોવેક્સિનના બે લાખ ૪૯૦ ડોઝ છે. કેન્દ્ર તરફથી ગુજરાતને મળતો મેડિકલ ઓક્સિજનનો જથ્થો ૯૭૫ મેટ્રીક ટનથી નહીં વધારવાના કારણે દર્દીઓને હાલાકી પડી રહી છે. બેડ અને ડોક્ટર હોવા છતાં મેડિકલ ઓક્સિજન ના જથ્થાના અભાવે દર્દીઓની હોસ્પિટલમાં સારવાર નથી થઈ શકતી. કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે છત્રીસ શહેરોમાં નિયંત્રણો લાદ્યા હોવાની સુપ્રીમ કોર્ટ ને જાણ કરાઈ છે.

કોરોનાકાળમાં ગુજરાત સાથે કેન્દ્રની મોદી સરકાર તરફથી સતત અન્યાય થતો રહ્યો છે. ચાહે તે ઓક્સિજનની ડિમાન્ડ હોય તો પણ ભલે અને રેમડેસિવીરની ડિમાન્ડ હોય, ગુજરાતની માગને સતત નજરઅંદાજ કરાઈ રહી છે. ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમે સુપ્રીમકોર્ટમાં કરવામાં આવેલી સુઓ મોટુ અરજીના સંદર્ભે જવાબ રજૂ કરતાં એક સોગંદનામાંમાં આમ જણાવ્યું છે. મુકીમે આ સોગંદનામાં સાથે કેન્દ્રીય ગૃહ સચિવ અજયકુમાર ભલ્લાને લખેલાં પત્રોની નકલ પણ આ સોગંદનામાના બિડાણમાં રજૂ કરી છે.

# કોરોના આઉટ ઓફ કંટ્રોલ, એક જ દિવસમાં ૪ લાખ નવા કેસ, ૪૧૯૧ના મોત



ન્યુ દિલ્હી,તા.૮

ભારતમાં કોરોના રોગચાળો ભયંકર સ્વરૂપ લઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી ૪ લાખથી વધુ કોરોના કેસ સામે આવી રહ્યા છે. તે જ સમયે, કોવિડ (Covid-19) ની પકડને કારણે, મૃત્યુ પામેલા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.વર્લ્ડોમીટર અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં, ભારતમાં એક જ દિવસમાં રેકોર્ડ ૪૨૦૦ કોરોના દર્દીઓ મૃત્યુ પામ્યા છે. જે એક જ દિવસ માં સૌથી વધુ મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૪ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે. વર્લ્ડોમીટર અનુસાર, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસ નોંધાયા છે, ૪,૦૧,૨૧૭ નવા કેસ નોંધાયા છે. ૪,૧૯૪ કોવિડ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. દેશમાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા ૩૭ લાખની ઉપર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ નવા કેસ ૪,૦૧,૨૧૭ છેલ્લા ૨૪ કલાકમાં કુલ મૃત્યુ ૪,૧૯૪. દેશમાં કોરોના સંક્રમિતોના કુલ આંકડા ૨,૧૮,૮૬,૫૫૬ દેશમાં બેકાબૂ કોરોના સંક્રમણની ગતિ વચ્ચે દર્દીઓની રિકવરીનો રાષ્ટ્રીય દર ૮૧.૯૫ ટકા થઈ ગયો છે. જ્યારે કોવિડ -૧૯ રોગચાળો મૃત્યુ દર ૧.૦૯ ટકા છે. એવું અનુમાન કરવામાં આવે છે કે કોરોનાની ત્રીજી લહેરમાં બાળકોની સંખ્યાને સૌથી વધુ અસર કરશે.

દેશના મહારાષ્ટ્ર રાજયમાં સૌથી વધુ કોરોના સંક્રમણ ફેલાયેલુ છે. રાજયમાં કોરોનાને કારણે, મૃતકોની સંખ્યા ઓછી થતી નથી. મહારાષ્ટ્રમાં શુક્રવારે ૨૪ કલાકમાં ૮૯૮ લોકોનાં મોત કોરોનાથી થયાં. જયારે રાજયમાં એક દિવસમાં કોરોનાના ૫૪ હજાર ૨૨ નવા કેસ સામે આવ્યા છે. આ સમયગાળા દરમિયાન, ૩૭ હજારથી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૧૯૮૩૨ નવા કોરોના કેસ નોંધાયા છે, જ્યારે ૩૪૧ લોકોનાં મોત નીપજ્યાં છે. એક જ દિવસમાં, રાજધાનીમાં પણ ૧૯૦૮૫ દર્દીઓ સાજા થયા છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોનાની બીજી લહેરની વચ્ચે ઘણી હોસ્પિટલોમાં ઓક્સિજન અને બેડની અછત છે. હોસ્પિટલમાં પથારીના અભાવ અને ઓક્સિજનના અભાવને કારણે દર્દીઓ સંઘર્ષ કરી રહ્યા છે.

દેશભરમાં ઓક્સિજનકરણને અફરાતફરીનો માહોલ છે ત્યારે હરિયાણાના આરોગ્ય મંત્રી અનિલ વિજે કેન્દ્ર સરકાર પાસે મોટી માંગ કરી છે. અનિલ વિજે કહ્યું કે ઓક્સિજન પ્લાન્ટ અને ઓક્સિજન સપ્લાય વાહનો સેના અને અર્ધલશ્કરી દળોને સોંપવા જોઈએ. અનિલ વિજે કહ્યું કે જો એક પ્લાન્ટ અટકી જાય તો લોકોનો શ્વાસ અટકી જાય છે. સતત ઓક્સિજનનો જથ્થો મળતો રહે તે જરૂરી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યાઃ૧૧૮૯૨

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૬૬૯૯૨૮

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુઃ ૧૧૯

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૧૪૩૭૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૫૧૭૮૭૦

## જીવલેણ બીજી લહેર!, પાંચ મહિનામાં જ ૯૩ ટકા લોકોમાંએન્ટીબોડી ખતમ થઈ ગઈ

ન્યુ દિલ્હી,તા.૮

કોરોનાના સંક્રમણ કાળમાં ૯૩ ટકા લોકોમાં ૫ મહિનામાં જ એન્ટીબોડી ખતમ થઈ ગઈ છે. માત્ર સાત ટકા લોકોમાં જ હવે તે બાકી રહી ગઈ છે. બનારસ હિંદુ યૂનિવર્સિટી (BHU)ના વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનમાં આ ચોંકાવનારી વાત સામે આવી છે. આ સંશોધનને અમેરિકાની આંતરરાષ્ટ્રિય જનરલ સાયન્સમાં સ્થાન મળ્યું છે.

દેશમાં કોરોનાની બીજી લહેરના કારણે સંક્રમણમાં ખુબ જ વધારો થયો છે ત્યારે BHUના જીવ વિજ્ઞાન વિભાગના પ્રોફેસર જ્ઞાનેશ્વર ચૌબેની આગેવાનીમાં વૈજ્ઞાનિકોની ટીમે બનારસમાં લોકોનું પરીક્ષણ કર્યું હતું. તેમાં એ જાણકારી મળી છે કે, ગત વર્ષે સપ્ટેમ્બરથી નવેમ્બર વચ્ચે સીરો સર્વેમાં જે ૧૦૦ લોકોમાં ૪૦ ટકા સુધીની એન્ટીબોડી હતી તેમાંથી ૯૩ ટકા લોકોમાં પાંચ મહિના બાદ એટલે કે આ વર્ષે માર્ચ સુધીમાં ૪ ટકા જ લોકોમાં એન્ટિબોડી બાકી રહી હતી. માત્ર ૭ ટકા લોકો જ એવા મળ્યાં હતાં કે જેમનામાં હજી પણ એન્ટિબોડી બાકી છે.

## ચીનની પહેલી કોરોના વેક્સીન સિનોપાર્મને ઈમરજન્સી ઉપયોગની મંજૂરી

જીનીવા,તા.૮

વિશ્વ આરોગ્ય સંગઠન(ડબ્લ્યુએચઓ)એ શુક્રવારે) ચીનની પહેલી કોરોના વાયરસ વેક્સીન 'સિનોપાર્મ'ને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. ચીન માટે આ એક રાહતભરી વાત છે. ચીનની આ પહેલી કોવિડ-૧૯ વેક્સીન છે, જેને બધા દેશોમાં ઉપયોગ માટે વિશ્વ આરોગ્ય સંગઠને મંજૂરી આપી છે. આ પગલુ ઘણા દેશોમાં કોરોના વાયરસ વેક્સીનેશન અભિયાનને વધારવામાં મદદ કરશે. ચીનની સિનોપાર્મ વેક્સીનને દુનિયાભરના ડઝનેક દેશોએ મંજૂરી આપી છે. ડબ્લ્યુએચઓએ કહ્યુ છે, 'વિશ્વ આરોગ્ય સંગઠને બધા દેશોમાં ઈમરજન્સી ઉપયોગ માટે સિનોપાર્મ કોવિડ-૧૯ વેક્સીનને મંજૂરી આપી છે. આનાથી બધા દેશોમાં કોવેક્સ રોલઆઉટ કરવામાં મદદ મળશે.'

કોવેક્સ ડબ્લ્યુએચઓ દ્વારા ચલાવવામાં આવી રહેલુ એક વેક્સીનેશન અભિયાન છે જે હેઠળ દુનિયાભરના બધા ગરીબ દેશોને વેક્સીનેટ કરવામાં આવી રહ્યા છે.કોરોના વાયરસ વેક્સીન 'સિનોપાર્મ'ને બીજિંગ બાયો-ઈન્સ્ટીટ્યુટ ઑફ બાયોલૉજિકલ પ્રોડક્ટ્સ કંપની લિમિટેડે વિકસિત કરી છે. આ કંપની ચીન નેશનલ બાયોટેક ગ્રુપ(CNBG)ની સહાયક કંપની છે. ચીને પોતાને ત્યાં હાલમાં પાંચ કોરોના વેક્સીનને મંજૂરી આપી દીધી છે. જેમાંથી 'સિનોપાર્મ' અને 'સિનોવેક' વેક્સીનનો વધુ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.ડબ્લ્યુએચઓ પ્રમુખ ટેડ્રોસ એડહેનમ ગ્રેબેયેસસે એક પ્રેસ કૉન્ફરન્સમાં કહ્યુ, 'આજે બપોરે ડબ્લ્યુએચઓએ 'સિનોપાર્મ' બીજિંગના કોવિડ-૧૯ વેક્સીનને ઈમરજન્સી ઉપયોગની મંજૂરી આપી છે. આ ડબ્લ્યુએચઓ દ્વારા મંજૂર કરાયેલી છઠ્ઠી રસી છે.

# દેશમાં ૧૮થી ઉપરના ૪૫ કરોડ નાગરિકો છે, પરંતુ ૬ દિવસમાં માત્ર ૧૧.૮૧ લાખનું વેક્સિનેશન

ન્યુ દિલ્હી,તા.૮

દેશનાં સમગ્ર રાજયોમાં હવે ૧૮થી વધુ ઉંમરનાં લોકોનું પણ વેક્સિનેશન શરૂ કરી દેવાયું છે. આ અંગે સરકાર જાહેરાત કરી રહી છે કે સમગ્ર દેશમાં વેક્સિનેશન પૂર ઝડપે ચાલી રહ્યું છે. પરંતુ દેશમાં ચાલી રહેલા વેક્સિનેશનનાં જે આંકડાઓ છે, એ આ વાતથી તદ્દન વિરૂદ્ધ પરિસ્થિતિની ઝાંખી કરાવી રહ્યા છે. ૧૮ થી ૪૪ વર્ષના તમામ લોકોનું વેક્સિનેશન ૧લી મેથી શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ ૬ મે સુધીના આંકડાઓ જોઈએ તો આ ઉંમરનાં માત્ર ૧૧ લાખ ૮૦ હજાર ૭૯૮ લોકોને જ વેક્સિન આપવામાં આવી છે.

૧૮થી ૪૫ વર્ષની ઉંમરનાં લોકોનું વેક્સિનેશન રાજય સરકાર કરી રહી છે, પરંતુ બીજી બાજુ સરકાર એમ કહે છે કે વેક્સિનનો સપ્લાઈ બંધ થઈ ગયો છે. આવી પરિસ્થિતિમાં જો આની તુલના ૪૫થી વધુ ઉંમરનાં લોકો સાથે કરવામાં આવે તો આ આંકડો સ્પષ્ટ મળી શકે તેમ છે.

૧ એપ્રિલથી ૪૫થી વધુ ઉંમરનાં લોકોનું વેક્સિનેશન શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ એ સમયે રાજયમાં વેક્સિનની અછત ન હોવાથી કોઈપણ પ્રકારની ફરિયાદ સામે આવી નહોતી. ત્યારે શરૂઆતનાં ૬ દિવસોમાં ૧૯ લાખ ૩૬ હજાર લોકોને વેક્સિન આપવામાં આવી હતી.

આ ૬ દિવસોમાં કુલ ૨.૧૯ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી હતી. હવે આ સરેરાશ આંક ઘટીને પાછો ૧૯ લાખ થઈ ગયો છે. જેમાં ૧૮થી ૪૪ વર્ષનાં લોકોમાં વેક્સિનેશન આંક માત્ર ૧.૯૭ લાખનો રહ્યો છે.

રાજયનાં કહ્યાં પ્રમાણે કેન્દ્ર ૪૫થી વધુ ઉંમરના લોકોના વેક્સિનનાં આંકડા છેલ્લા ૩ દિવસ સુધીનાં આપી રહી છે. જાણકારી વગર દૂર આવેલા કેન્દ્રોનું પ્લાનિંગ કરવું પણ શક્ય નથી. એટલા માટે વેક્સિનની અછત સર્જાતા ૧૦ દિવસમાં ૧૦ હજાર સેન્ટર ઘટાડવામાં આવ્યા છે.

૬ મેનાં આંકડાઓને ધ્યાનમાં રાખીએ તો ૩ દિવસમાં ૨૮ લાખ ડોઝ ઉપલબ્ધ કરાશે. જોકે રાજયો પાસે અત્યારે ૮૯ લાખ વેક્સિનના ડોઝ રહેલા છે. પરંતુ મોટા રાજયોમાં રોજ સરેરાશ વેક્સિનેશન ૪થી ૫ દિવસ ચાલે એટલું જ છે. કેન્દ્રએ અત્યારસુધી ૩૪ કરોડ ૬૦ લાખ ડોઝ ઓર્ડર કર્યા છે, જેમાંથી ૧૬ લાક ડોઝનો ઓર્ડર ૨૮ એપ્રિલનો છે.

# કેરળ, રાજસ્થાન, મિઝોરમ બાદ હવે તામિલનાડુમાં સંપૂર્ણ લોકડાઉન

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના બેકાબૂ બની રહ્યો છે. તેની ગતિ અટકાવવા માટે, રાજ્ય સરકારો હવે સંપૂર્ણ લોકડાઉન તરફ આગળ વધી રહી છે. હવે સંપૂર્ણ લોકડાઉન દક્ષિણના રાજ્ય કેરળમાં જાહેર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી પિનરઇ વિજયને માહિતી આપી હતી કે ૮ મેથી ૧૬ મે દરમિયાન કેરળમાં સંપૂર્ણ લોકડાઉન રહેશે. આ સમય દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓ કાર્યરત રહેશે. કારણ વગરનું બહાર ફરવા જનાર પર સંપૂર્ણ મનાઇ ફરમાવી દેવામાં આવી છે.

કેરળ સરકારની ગાઇડલાઇન મુજબ એક જિલ્લાથી બીજા જિલ્લામાં જવા પર પ્રતિબંધ રહેશે. જ્યારે કોઈ કટોકટી હોય ત્યારે જ આને મંજૂરી આપવામાં આવશે. જાહેર પરિવહન પણ સંપૂર્ણ બંધ રહેશે. જો કે, ટ્રેનો અને ફલાઇટ્સ કાર્યરત રહેશે. જે લોકો અન્ય રાજ્યોથી કેરળ આવે છે, તેઓએ કોવિડ ૧૯ પોર્ટલ પર નોંધણી કરાવી દેવાની રહેશે અથવા તેઓને હોટલ અથવા સંસ્થામાં ૧૪ દિવસના ક્વોરેન્ટાઇન રહેવું પડશે અને તમારે ખર્ચ પોતે જ ભોગવવો પડશે.

રાજસ્થાનમાં ૧૦ મેથી ૨૪ મે દરમિયાન લોકડાઉન રહેશે. આ સમયગાળા દરમિયાન, કટોકટી સેવાઓ સિવાયની તમામ પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવશે. લગ્ન, ડીજે, સરઘસ અને પાર્ટી કરવી વગેરેથી સંબંધિત કોઈપણ સમારોહને ૩૧ મે સુધી મંજૂરી આપવામાં આવશે નહીં. ઘરે અથવા કોર્ટ મેરેજ તરીકે લગ્નની મંજૂરી આપવામાં આવશે, જેમાં ફક્ત ૧૧ વ્યક્તિઓ શામેલ હશે, જેની માહિતી વેબ પોર્ટલ પર ઉપલબ્ધ છે. તેનેતમામ માહિતી આપવાની રહેશે.

કોરોનાના વધતા જતા કેસોને કારણે તમિલનાડુ અને મિઝોરમમાં પણ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. તમિળનાડુમાં ૧૪ દિવસ અને મિઝોરમમાં ૭ દિવસનું લોકડાઉન લાદવામાં આવ્યુ છે. ૧૦ મેથી ૨૪ મે દરમિયાન તમિળનાડુમાં લોકડાઉન રહેશે. તે જ સમયે, ૧૦ મી મેથી ૧૭ મે સુધી મિઝોરમમાં લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે.

## તંત્રી સ્થાનેથી...

# લગ્ન પ્રતિબંધનાત્મક નિયમો સેંકડોની રોજગારી છીનવતુ હોય તો.....?!

દેશમાં કોરોના બેફામ બન્યો છે.હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાડે ગયેલું છે તેની સાચી સમજ વિકાસની વાતોમાં ડુબેલાઓ કે ઉડતા લોકો હવે અનુભવી રહ્યા છે કે જોઈ રહ્યા છે. આ બધી ઘટમાળ વચ્ચે સરકારે મોટા ઉપાડે ૧૮ થી ૪૪ ઉમર સુધીનાઓને રસીકરણ આપવાની જોર શોરથી જાહેરાતો કરી તે સાથે રસીકરણ કેન્દ્રોની જાહેરાત કરી અને લોકો રસી લેવા માટે જે તે કેન્દ્રો પર ઉમટી રહ્યા છે... લાંબી લાઈનો લાગી રહી છે પરંતુ રસીનો પૂરતો સ્ટોક ન હોવાથી ટોકન પદ્ધતિ અમલમાં મૂકી છે અને જ તેવ રસી કેન્દ્રો ઉપર ૧૦૦ ટોકનનુ વિતરણ કરવામાં આવે છે. જેથી અનેકોને પરત ફરવું પડે છે... આ કારણે લોકોમાં વધુ પ્રમાણમાં આક્રોશ પેદા થઇ રહ્યો છે. ત્યારે આરોગ્ય તંત્રએ કે રાજનેતાઓને જાહેરાત કરવા પર લગામ કસવી જરૂરી છે... તેવી લાગણી અને માગણી આમ લોકોમાં ઉઠવા પામી છે. બીજી તરફ ગુજરાતમાં સરકાર દ્વારા કોરોના કન્ટ્રોલમાં લેવા ૩૬ જેટલા મહાનગરો સહિત નાના-મોટા શહેરોમાં રાત્રી કર્ફ્યુ જાહેર કરવા સાથે જીવન જરૂરી ચીજ વસ્તુ વેચતા વેપારીઓનેજ વેપાર-ધંધાની છૂટ આપી છે. જેમાં દવા વિતરણ કરતા સ્ટોર્સ, દવાખાના, હોસ્પિટલો,મેડિકલ સાધનો વિતરણ કરનાર દુકાનો,દૂધની ડેરીઓને છૂટ છાંટ આપી છે તો જેની પર સરકારી લગામ કે કરડી નજર રાખવાની જરૂર છે તે ફ્રુટ માર્કેટો, શાકભાજી બજારો, કરિયાણાની દુકાનો, તમામ પ્રકારની અનાજ,કઠોળનો સહિતની ખાદ્ય-સામગ્રી વેપાર કરનારાઓ, બેકરીઓને છૂટછાટ આપી છે. આ ધંધાર્થી પૈકી મોટાભાગના વધુ કિંમતો લકીને આમ ગ્રાહકોને શરેઆમ લૂંટી રહ્યા છે ત્યારે લાગે છે કે આવા તકવાદી વેપારીઓ માનવતા ભૂલી ગયા છે. તો જે તે કલેક્ટરોએ લોકોનો સહયોગ લઈ ખાસ માનદ ફોર્સની રચના કરી કડક પગલાં ભરવા જરૂરી છે. તેથી આમ પ્રજાને થોડા અંશે રાહત મળી શકે....જો કે કોરોના ઉપરાંતની આ બાબત આમ લોકોને અસર કરતા છે... અને લોકોની લાગણી છે કે તંત્ર આ બાબતે લાલ આંખ કરે.....!!

સરકાર દ્વારા કોરોના કંટ્રોલ કરવા માટે કોરોનાના નિયમો અને પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે જે અંગે અભ્યાસ કરી રહ્યા હતા જેમાં લગ્ન કે લગ્ન સમારોહ પરના પ્રતિબંધાત્મક આદેશો બાબતે ઊંડા ઊતર્યા ત્યારે જાણવા મળ્યું કે લગભગ ૩૫ થી ૪૦ જેટલા લગ્ન સંબંધી વિવિધ રીતે સંકળાયેલા ધંધાર્થીઓ ઉપર થાય છે તે સાથે સરકારને જીએસટી અને સર્વીસ ટેક્ષને પણ અસર થાય છે. જેમાં શરૂઆતથી નજર કરીએ તો ગોર મહારાજથી થાય છે પછી આવે છે કંકોત્રી અને પ્રિન્ટિંગ પ્રેસ તથા કંકોત્રી વિતરણ કરનાર કુરીયર, ત્યારબાદ પૂજાપો સામાન વેચનારાઓ, ફુલ-હાર વેપારી, કાર અને બગી સમજાવનારા, બગી માલિકો, બેન્ડવાજા વાળા, ડીજે માલીક મજૂરો,ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોમેક્ષ ઉચકનારાઓ, ડીજે જનરેટર વાળા, શાકભાજીના વેપારીઓ, ડીજે ટેમ્પો વાળા, રસોઈયાઓ, પીરસવાવાળા, વાસણ ધોવા વાળા, પીવાના પાણીના સપ્લાયર્સ, ઈલેક્ટ્રીક ડેકોરેશન કરવા વાળા તથા તેના મજૂરો, પાર્ટી પ્લોટ કે વાડી સફાઈ કરનારાઓ, ફોટોગ્રાફર અને વિડીયો શુટીગ કરનારા,તથા એડિટરો, આલ્બમ ડિઝાઇનર, રેડીમેડ કપડા વેપારીઓ, જ્વેલર્સ, ચોલી શેરવાની કે સૂટ તૈયાર કરતાં વેપારીઓ અને તેના કારીગરો, મહેદી મૂકનારા, બ્યુટી પાર્લર વાળા, સંગીતકારો, ગાયક કલાકારો, મંડપ બાધનારા સહિતના ધંધાર્થીઓ પર અસર પડે છે. જેમાં સેંકડો લોકોની રોજગારી સમાયેલી છે. તે સાથે ડીઝલ- પેટ્રોલનુ વેચાણ ઘટે, ઈલેક્ટ્રીક વપરાશ ઘટે... મતલબ વીજ કંપનીની આવક ઘટે....અને આ તમામ સેવાઓ પર સરકારને મળતો જીએસટી અને સર્વીસ ટેક્ષ ગુમાવવો પડે...જેમાં કેટલા લોકોની રોજગારી છીનવાઈ જાય છે તેની નોંધ લેવાતી નથી.....!! જ્યારે કે પબ્લિક ટ્રાન્સપોર્ટની રોજની ખોટની નોંધ લેવાય છે.... આને શું કહીશું.....? વંદે માતરમ્

# દેડીયાપાડા, સાગબારા તાલુકાના કોરોના કેર સેન્ટરની ધારાસભ્યએ મુલાકાત લીધી.

રાજપીપળા, તા. ૮

હાલ નર્મદામાં કોરોનાના કેસો વધી રહ્યા છે.અને રોજેરોજ મોતના આંકડા પણ વધી રહ્યા છે.ત્યારે તેને કંટ્રોલ કરવા તંત્ર સફળ થતું નથી. ખાસ કરીને દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં પણ કોરોના ના કેસો વધ્યા છે.અને લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે સરકારી તંત્ર દ્વારા કોરોનાના દર્દીઓને તાત્કાલિક ધોરણે સારવાર મળી રહે તે હેતુથી દેડીયાપાડા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર, કૃષિ ઈજનેરી કોલેજ તથા સાગબારા તાલુકામાં આદર્શ નિવાસી શાળા ખાતે કોરોના કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.જ્યાં દેડિયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવા રૂબરૂ મુલાકાત લીધી હતી આરોગ્ય વિભાગના સ્ટાફને દર્દીઓ સાથે સારવાર માટે જરૂરી સાધનસામગ્રી બાબતે ચર્ચાઓ કરી હતી. અને કોરોના કેર સેન્ટર સુધી વધુને વધુ લોકો આવી સારવાર કરાવે એવી અપીલ કરી હતી.અત્રે નોંધનીય છે કે અગાઉ પણ મહેશ વસાવાએ કોરોના સારવાર માટે જરૂરી સાધનસામગ્રી માટે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૨૫ લાખની ફાળવણી કરી હતી. રિપોર્ટ : રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ગરૂડેશ્વર તાલુકાના ખડગદા ગામેથી સગીર વયની છોકરીને ભગાડી જવાની ફરિયાદ

રાજપીપળા,તા.૮

ગરૂડેશ્વર તાલુકાના ખડગદા ગામેથી સગીર વયની છોકરીને ભગાડી જવાની ફરિયાદ કેવડીયા પોલીસ મથકમાં નોંધાવા પામી છે.જેમાં ફરિયાદી સગીર વયના છોકરીના પિતાએ આરોપી ગૌતમભાઈ મણિલાલભાઈ તડવી (રહે,વાડી ફળિયા, ગરુડેશ્વર) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ ફરિયાદીની સગીર વયની દીકરીને આરોપી ગૌતમભાઈ મણિલાલભાઈ તડવી (રહે,વાડી ફળિયા, ગરુડેશ્વર )એ ખડગદા ગામેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણા માંથી લગ્ન કરવાની લાલચ આપી, પટાવી, ફોસલાવી ભગાડી લઈ જઈ ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## “સિવિલ હોસ્પિટલના હેલ્થ કેર વર્કર્સ "સેવાના સુપર સ્પ્રેડર્સ" !!

# ૧૩ મહિનામાં સિવિલમાં ૭૨૦થી વધુ હેલ્થકેર વર્કર્સ કોરોનાથી સંક્રમિત થઇ પુનઃફરજ પર જોડાયા

### ઘણા તબીબો તો સંક્રમિત થયા બાદ ટેલિકાઉન્સેલિંગ દ્વારા દર્દીઓને મહામારીમાં સતત માર્ગદર્શન આપતા રહ્યાં



છેલ્લા ૧૩ મહિના એટલે કે ૪૦૦ દિવસથી પણ વધુ સમયથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરતા સરકારી હોસ્પિટલ્સના સિનિયર તબીબોથી લઇ રેસિડેન્ટ તબીબો, ઈન્ટર્ન તબીબો સહિતના ૭૨૦થી વધુ હેલ્થકેર વર્કર કોરોનાથી સંક્રમિત થયા છે. પ્રેરણાદાયક વાત એ છે કે કોરોનાથી સંક્રમિત થયા બાદ સાજા થઇને આ સેવાવીરોએ ઘરે ગભરાઈને બેસવાના બદલે દર્દીઓની સેવા માટે પુનઃફરજ પર હાજર થઈને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ કોરોના મહામારીમાં કર્તવ્યનિષ્ઠાનું દરેક તબક્કે ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૯મી માર્ચ ૨૦૨૧ના રોજ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવી હતી. સમગ્ર ભારતભરમાં સૌથી મોટી ગણી શકાય તેવી અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝિગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલને કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવામાં ૭મી એપ્રિલે કાર્યરત કરાવવામાં આવી હતી.

છેલ્લા ૧૩ મહિના એટલે કે ૪૦૦ દિવસથી પણ વધુ સમયથી શ્વાસ ગુંગળાઈ જાય તેવી પી.પી.ઈ. કિટમાં સજ્જ થઇને સિવિલના કોરોના યોદ્ધાઓ કલાકો સુધી દર્દીઓ માટે જ કામગીરી કરી રહ્યાં છે. આ પૈકીના મોટાભાગના લોકોનો ઘર-પરિવાર છે, તેમછતાં અત્યારે ફરજનો સાદ જ તેમના માટે સર્વોચ્ચ મહત્વ ધરાવે છે.

સિવિલના ઘણા કોરોના યોદ્ધાઓ એવા છે કે જેઓએ દિવસ-રાત જોયા વિના, પોતાના જીવની પરવા કર્યા વિના, કોઇ સામાજિક – ધાર્મિક પ્રસંગમાં પોતાની હાજરી ટાળીને, તહેવાર-ઉત્સવની ઉજવણીનું બલિદાન કરીને ફક્ત દર્દીનારાયણની સેવાને જ પ્રાથમિકતા આપી છે. આ તમામ હેલ્થકેર વર્કર્સે સ્વ ને ભૂલીને સમષ્ટિની ભાવના અપનાવી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીનારાયણની સેવામાં પોતાને સમર્પિત કરી દીધા. આ તમામ હેલ્થકેર વર્કર્સના બલિદાન અને સેવા ભાવને ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

કહેવાય છે કે સારા કામની હંમેશા કોઇ ને કોઇ સ્તરે નોંધ લેવાય જ છે. કોરોના ડેઝિગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાંથી સારવાર મેળવીને સાજા થયેલા દર્દીઓએ પણ તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ પર આશીર્વચન વરસાવી રહ્યાં છે. દર્દીઓ તમામ હેલ્થકેર વર્કર્સને શુભેચ્છાઓ આપીને સતત તેમનો જુસ્સો વધારી રહ્યાં છે.

ખાસ નોંધનીય છે કે કોરોનાથી સંક્રમિત થયા બાદ પણ સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલના તમામ હેલ્થકેર વર્કસ વિચારોથી દર્દીનારાયણની સેવાભાવમાં જ સમર્પિત રહેતા. હોસ્પિટલમા સારવાર દરમિયાન પણ ટેલિફોનિક વાતચીત - ટેલિકાઉન્સેલિંગથી સતત પોતાની ફરજ અદા કરતા રહ્યાં હતાં. કોરોનાથી સંક્રમિત થયા બાદ સારવાર મેળવી રહેલા દર્દીઓને પોતાના અનુભવો જણાવીને પ્રોત્સાહિત કરતા રહ્યાં. એ રીતે સારવારની સાથે સાથે સકારાત્મક ઉર્જાનો સંચાર કરતા રહ્યા અને જેવા કોરોનાના સંક્રમણથી બહાર આવ્યા, સાજા થયા કે પુનઃફરજ પર વિના વિલંબે તે જ ક્ષણે જોડાઇ પણ ગયા.

સિવિલ હોસ્પિટલના હેલ્થકેર વર્કર્સે ખરા અર્થમાં પોઝિટિવિટીના સુપર સ્પ્રેડર્સ બનીને સમગ્ર હોસ્પિટલમાં સકારાત્મક વાતાવણ સર્જ્યું છે અને હજુ પણ કરી રહ્યા છે. સમર્પણ અને સેવાભાવ સાથે ફરજ અદા કરીને આ મહામારીમાં સિંહફાળો આપી રહ્યા છે. સિવિલ હોસ્પિટલના હેલ્થકેર વર્કર્સના આ જુસ્સા, સેવા ભાવના અને સમર્પણ ભાવને ગુજરાતના આરોગ્ય ક્ષેત્રનો ઈતિહાસ હરહંમેશ યાદ રાખશે તેમાં કોઇ બે મત નથી

પોઈન્ટ બ્લેક

“ધન્ય ધન્ય ધન્ય છે સિવિલ હોસ્પિટલની ધરા....

એ જ ધરા જ્યાં સમર્પણ અને સેવાભાવની વહી રહી છે ગંગા......”

.સિવિલ હોસ્પિટલ હેલ્થકેર વર્કર્સના પ્રેરણારૂપ કિસ્સા

નિવૃત્ત સેવાભાવી તબીબ ડૉ. રાજેશ સોલંકી

માનવસેવા માટે ઉમરનો કોઇ બાધ હોતો નથી. આવા જ વચને બાજૂએ મૂકીને જનસેવા કરનારા એક સેવાભાવી તબીબ ડૉ. રાજેશ સોલંકી છે કે જેઓએ ૩૦ વર્ષથી વધુ સમય સિવિલ હોસ્પિટલમાં પલ્મેનોલોજી વિભાગ સરાહનીય સેવાઓ આપીને નિવૃત્ત થયા હતાં.. નિવૃત્તિ થયા બાદ પણ જ્યારે હોસ્પિટલને તેમની જરૂર પડી તો ક્ષણભરનો વિલંબ કર્યા વિના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (OSD) તરીકે સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલના સેવાયજ્ઞમાં જોડાઇ ગયા. સતત એક વર્ષની સરાહનીય સેવાઓ બાદ કોરોનાની બીજી લહેરમાં તેઓ કોરોનાથી સંક્રમિત થયા. પરંતુ સારવાર દરમિયાન પણ ટેલીકાઉન્સેલિંગથી દર્દીઓની સારવાર ચાલુ જ રાખ્યું. કોરોનાને મહાત આપી સાજા થઇ પુનઃ ડ્યુટી પર જોડાઇ ગયા.

ઈમરજન્સી મેડિસિન વિભાગના તબીબ ડૉ. ચિરાગ પટેલ

સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી મેડિસિન વિભાગના તબીબ ડૉ. ચિરાગ પટેલ કે જેઓ કોરોના સંક્રમણનો સૌથી સંવેદનશીલ વિસ્તાર એવા ટ્રાયેજ એરિયામાં ડ્યુટી કરતા કરતા પોતે કોરોનાથી સંક્રમિત થયા. સંક્રમણ એટલી હદ સુધી ગંભીર બન્યું કે એક ક્ષણે તો જીવવાની આશા છોડી ચૂક્યા હતા. પણ તેમના નસીબમાં દર્દીઓની વધુ સારવાર કરવાનું કદાચ લખ્યું હતું. વેન્ટિલેટર પર રહીને ટોસિલીઝુમેબ જેવા ઈન્જકેશનની સારવારથી સાજા થઇ પુનઃ ફરજ પર જોડાઇ ગયા. હાલ પણ એ જ સમર્પણ અને નિષ્ઠાભાવ સાથે કોરોના સંક્રમિત દર્દીઓની નિર્ભિકપણે સારવાર કરી રહ્યા છે.

.અમિતસિંહ ચૌહાણ

## કડકાઇ રાખીશું તો ત્રીજી લહેર અટકાવી શકીશું, સરકારના મુખ્ય સલાહકાર

ન્યુ દિલ્હી,તા.૮

સમગ્ર દેશમાં હાલમાં કોરોી બીજી લહેર ચાલી રહી છે. બીજી લહેર હેલી લહેર કરતાં ણ વધારે ખતરાક છે. લોકો હેલા કરતાં ઝડી કોરોી સંક્રમિત ઈ રહ્યા છે એ મોતા આંકડા ણ વધી રહ્યા છે ત્યારે હવે દેશમાં ત્રીજી લહેરી તૈયારી લઈ ચચર્ઓિવા લાગી છે. આ હેલા કેન્દ્ર સરકારા મુખ્ય વૈજ્ઞાકિ સલાહકાર વિજય રાઘવે કહ્યું હતું કે દેશમાં કોરોી ત્રીજી લહેર ચોક્કસ આવશે. જોકે હવે તેમણે ખુલાસો કર્યો છે કે દેશમાં આવારી ત્રીજી લહેરે ટાળી શકાય છે.

જોકે રાઘવ અુસાર ત્રીજી લહેરે ટાળવી હોય તો તા માટે જરુરી છે કે લોકો સ્ાકિ પ્રશાસ, જિલ્લા પ્રશાસ એ રાજ્ય સરકારે ઓલી ગાઈડ લાઈ્ કડકાઈી લ કરે. એટલે કે જો કોરોી અત્યારે જે સ્ાતિ છે, તેી બચવુ હશે તો લોકોએ માસ્ક, સેટાઈઝર, સામાજિક અંતર સહિતા યિમોું કડકાઈી લ કરવું ડશે. બુધવારે વૈજ્ઞાકિ રાઘવે જ વિદ આપ્યું હતું કે ત્રીજી લહેર જરુર આવશે. તે રોકી હીં શકાય, ણ ક્યારે આવશે તે કહી શકાય. ભારત સરકારા મુખ્ય સલાહકાર પ્રોફેસર વિજયરાઘે કોરોા વાઈરસી સાજા યેલા ઘણા દર્દીઓમાં જીવલેણ ફૂંગલ ઈન્ફેકશ મ્યુકોરમાઈસીસા કેસો લઈ કહ્યું હતું કે એ ર જર રાખી રહ્યા છીએ. જો આણે કડક ઉાય કરીશું તો ત્રીજી લહેર દેશા દરેક જગ્યાએ હીં આવે.

# બિહારમાં ભાજના સાંસદના ઘરે ૩૦ એમ્બ્યુસન્સ, પપ્પુ યાદવે કર્યા સવાલ

પટના,તા.૮

બિહારના સારન જિલ્લામાં ભાજપના સાંસદના પ્લોટમાં ૩૦ થી વધુ એમ્બ્યુલન્સ ઉભી જોવા મળી હતી. આ અંગે જન અધિકાર પાર્ટી (જેએપી) ના પ્રમુખ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવે સવાલ ઉઠાવ્યા હતા. પપ્પુ યાદવે જણાવ્યું હતું કે, એક તરફ કોરોના રોગચાળો છે, તો બીજી તરફ ડઝનબંધ એમ્બ્યુલન્સને ભાજપના પૂર્વ પ્રધાન અને રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ પ્રતાપ રૂડીના કાર્યાલયમાં છુપાવવામાં આવી છે. અહીં શું થઈ રહ્યું છે તેની તપાસ થવી જોઈએ. ×

પપ્પુ યાદવે એમ્બ્યુલન્સની તસવીરો ટ્વીટ કરી ત્યારથી જ સોશ્યલ મીડિયા પર લોકોએ ભાજપ અને તેના નેતાઓ પર હુમલો કરવાનું શરૂ કર્યું. આ સાથે જ ભાજપના પૂર્વ પ્રધાન અને રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ પ્રતાપ રૂડીએ હવે આ મામલે સ્પષ્ટતા કરી છે. રૂડીએ તેમના ઉપરોક્ત આક્ષેપો પર કહ્યું હતું કે ×પપ્પુ યાદવ સસ્તી રાજનીતિ કરે છે. તેઓ કોઈ જાણકારી વિના પ્રશ્નો ઉભા કરી રહ્યા છે.×

રૂડીએ કહ્યું, ×તે એમ્બ્યુલન્સ એક સાથે ઉભી હતી કારણ કે ત્યાં કોઈ ડ્રાઈવર નથી. હું પૂછું છું કે પપ્પુ યાદવ કોવિડમાં ડ્રાઈવર આપો. અને બધી એમ્બ્યુલન્સ સારનમાં ચલાવવી જોઈએ. હું આ બધી કાર મફતમાં આપવા તૈયાર છું.×

આ પહેલા પપ્પુ યાદવે તેના ટ્વિટર પર લખ્યું હતું કે, ×અમનોરમાં પૂર્વ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના પ્રવક્તા રાજીવ પ્રતાપ રૂડીની ઓફિસ પરિસરમાં ડઝનેક એમ્બ્યુલન્સ મળી આવી હતી. સાંસદ વિકાસ નિધિ પાસેથી એક એમ્બ્યુલન્સ ખરીદવામાં આવી હતી. જે કોના નિર્દેશન પર છુપાવી રાખવામાં આવી છે, તેની તપાસ થવી જોઇએ. સારન ડીએમ, સિવિલ સર્જન જણાવે, ભાજપ જવાબ આપે! પપ્પુ યાદવે એમ પણ કહ્યું, ×જ્યારે અમને માહિતી મળી કે સારણ જિલ્લાના અમનૌરમાં એક પ્લોટ પર એમ્બ્યુલન્સ છુપાયેલી છે. ત્યારે અમે તપાસ કરી, ત્યારબાદ અમને ત્યાં ૩૦ એમ્બ્યુલન્સ મળી. તે સ્થળે રાજીવ પ્રતાપ રૂડીના નામવાળા કેટલાય હોર્ડિંગ્સ હતા. ત્યાં સુરક્ષા કર્મચારીઓની હાજરી છે, પરંતુ અમે એમ્બ્યુલન્સમાંથી કવર કાઢી નાખ્યા છે.×

પપ્પુ યાદવે દાવો કર્યો હતો કે, ×ત્યાંની એમ્બ્યુલન્સની સંખ્યા ફક્ત ૩૦ જ હોઈ શકતી નથી. અમને ખબર પડી કે કેમ્પસમાં ૧૦૦ થી વધુ એમ્બ્યુલન્સ છે. જોકે, અમને અમારી એક્શન પ્લાન વિશે ખબર પડતાં જ તેણે મોટાભાગની એમ્બ્યુલન્સ બીજે છુપાવી દીધી હતી. અમે પ્લોટ પર ૩૦ એમ્બ્યુલન્સ શોધવામાં સફળ થયાં. ×

પપ્પુ યાદવે કહ્યું, ×એક સમયે એમ્બ્યુલન્સની વધતી માંગને ધ્યાનમાં રાખીને જ્યારે ઓપરેટરો તેમના ઉપયોગ માટે અતિશય દર વસૂલતા હોય છે ત્યારે આ એમ્બ્યુલન્સને એક જગ્યાએ કેમ મૂકવામાં આવી? સંકટ સમયે તેનો ઉપયોગ કેમ કરવામાં આવ્યો ન હતો? હું જાણવા માંગુ છું. , તે બિહાર સરકાર હોય કે સાંસદ રાજીવ પ્રતાપ રૂડીએ જીલ્લા વહીવટીતંત્રને આટલી એમ્બ્યુલન્સની ઉપલબ્ધતા વિશે માહિતગાર કર્યા હતા?

જો હા, તો જિલ્લા વહીવટી તંત્રે તેનો ઉપયોગ કેમ ન કર્યો? અને જો રૂડીએ સ્થાનિક વહીવટને જાણ ન કરી, તો તે અધિકારીઓની નિષ્ફળતા છે. આ પ્રશ્નોના જવાબો આપવાની જરૂર છે. હું આ કેસમાં ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરું છું. ×

## અનુસંધાન પેજ ૨ નું ચાલુ

**NOG.NO. 0095**

સાહિત્ય જગતમાં થતી આવી ચોરીની ઘટના શરમજનક છે. હું પણ એક લેખિકા છું .સાહિત્ય જગતમાં થોડા સમયથી જ જોડાયેલી છું . પોતાની સ્વરચિત જ રચના મૂકતી આવી છું .કદી કોઈની રચનાને પોતાનાં નામે કરીને મૂકવી એતો મોટો અપરાધ છે. હું પણ એની વિરોધી છું .માટે આપણાં ગૃપમાં જે કોઇ નિર્ણય લેવાયો હશે એમાં હું સંપૂર્ણ પણે સહમત છું .

દીપિકા ચાવડા

---

**NOG SS NO : 0026**

ચોરી કરવી, ઉઠાંતરી કરવી એ કોઈ સાહિત્ય સર્જકનું કામ હોઈ જ ન શકે.. બધાંના વિચારો અને શબ્દો અલગ હોય છે. તો શા માટે કોઈ સાથે સરખામણી કરી, એમની રચના કે લેખ ચોરી કરવા? આપણને આવડે એ પ્રમાણે લખવું. એ જ મારું મંતવ્ય છે!

અંજના ગાંધી ‘મોનું

---

**/NOG SS No: 052**

વિષય.. સાહિત્યની ચોરી અંગે પ્રતિભાવ

જિજ્ઞાબેનનો લેખ મારા વાંચવામાં આવ્યો, જે રીતે તેમને શબ્દો થકી સમજાણ વ્યકત કરી છે , રોષ વ્યકત કર્યો છે તે યથાયોગ્ય જ કહેવાય. હું કાંઈ લખી ન શકતો હોવ તો તેનો મતલબ એમ નથી કે હું કોઈની ઉઠાંતરી કરીને નીચે મારું નામ ચીપકાવી દવ , એ કેટલાં અંશે વાજબી લેખાશે ? અને આમ તમે કરી કરીને કેટલે સુધી અને ક્યા સુધી બીજાનાં શબ્દો થકી સાહિત્યની સાથે સાથે પોતાની જાતને ,સરસ્વતીને છેતરતા રહેવાનાં? મને તો એ જ નથી સમજણમા આવતુ. એના કરતા જે લોકો આ લેખન ક્ષેત્રમાં પોતાની વિચારસરણીને આધારિત નાનું,મોટું, સાચું, ખોટું,વ્યાકરણ દોષ, જોડણી દોષ, સાથે જે પણ લખે છે કમસેકમ પોતાનું તો લખે છે.એ લોકો સારા છે ,કેમ કે તે કોઈને કનડગત તો નથી કરતા.ક્યા સુધી બીજાનાં ખભે બંદૂક ચલાવવી સાહેબ , ચોરી કરી કરીને તમે કદાચ પ્રસિધ્ધિ પામી પણ લો ,પણ જ્યારે આ વાતની તમારાં વાંચકોને, સાહિત્ય જગતમાં જાણ થાય તે સમયે તમે કયાંય કરતા કયાંય ના નહી રહો. મોડાં વહેલાં આ નકાબ , તમારો અસલી ચહેરો દુનિયા સામે આવવાનો જ છે. ગુનો એ ગુનો છે પછી તે નાનો હોય કે મોટો હોય.... સાચો લેખક ક્યારેય કોઈની કોપી કરવાનો વિચાર શુદ્ધા કરી જ શકે નહી ,તેનાં મનનો ,તેનાં હ્રદયનો

અવાજ કાયમ તેને આવું ખોટું કામ કરવા હા પાડશે જ નહી..જો સમાજને સારું, મનોરંજન યુક્ત, સમજવા લાયક લખાણ પીરસવામાં આવે તો આપોઆપ તમે લોકચાહના થકી લોકોનાં હ્રદયમાં તમારા ગયા પછી પણ યાદ રહેશો જેમ કે ઝવેર ચંદ મેઘાણી, આ તો એક નામ છે ,સાહિત્ય ક્ષેત્રમાં આવાં અગણિત નામી અનામી લેખકો,કવિઓ આજે પણ કાયમ યાદ કરાય છે ,તેમને આદર્શ બનાવી લોકો આગળ વધે છે.તો એવું કાંઈક કરો કે તમે સારી રીતે યાદ રહો ,ન કે બદનામ થયને..... ચોઈસ ઈઝ યોરસ... અંતે એટલું જ કહેવું છે કે આ કોપી કરનારા તત્વો સાહિત્ય માટે એક ઝેર સમાન છે ,આ ઝેર વધુ પ્રસરે તે પહેલાં તેનો જડમૂળથી નાશ કરવો એટલે જ અનિવાર્ય બને છે. આપણે સહુ સંકલ્પ કરીએ આવા તત્વોને ઉઘાડા પાડીએ , આવો સાથે મળી એકજૂથ બની આ લડતને આગળ વધારી નવી દિશા પ્રદાન કરીએ..

સંજય તરબદા "સાંજ"?વડોદરા

---

**NOG SS No : 0082**

સાહિત્ય અને એમાં પાછી ચોરી?
કેટલી બધી માનસની નબળાઈ?
સાહિત્ય, ભાષા અને સંસ્કૃતિ
નિર્મળ હોય છે,
તેને ક્યારેય ડાઘ ન પડવા દેવાય.
ડો અનિરુદ્ધ વ્યાસ, નડિયાદ


---

NOG સાહિત્ય સરિતા ગ્રુપ એડમિન ટીમ વતી મુખ્ય નિર્ણાયક સભ્ય તરીકે " સાહિત્ય ની ચોરી ' પ્રશ્ન અનેગે નો નિર્ણય

**NOG SS NO : 0004 (જયશ્રી પટેલ)**

મિત્રો,

જીજ્ઞાબેન કપુરિયાએ ચલાવેલ અભિયાન સાહિત્ય ને તેની ઉઠાતરી ખરેખર સહયોગ આપવા યોગ્ય જ હતું. સૌ સૌના મનત્વ્ય સૌએ આપ્યા તેથી મને અને સર્વે એડમીન સભ્યોને ખૂબ જ હર્ષ છે..આવા કામ કરવા તેના કરતા સાચે જ ઠાંકણીમાં પાણી લઈ ડૂબી મરવું યોગ્ય,સાહિત્યની ઉપેક્ષા કરી અપમાન જનક કાર્યો શોભતા નથી. મેં જોયું ઘણાંને આ અનુભવો થયાં છે. લેખક કે લેખિકા બનવું કે તેને રૂચિકર બનવું કે તેને મનોભાવ દ્વારા શબ્દોમાં વ્યક્ત કરવું એ નિજાનંદનો ભાગ છે. બધાંની નિર્દોષ કબૂલાત પણ ગમી. આજે સવારે જાણ્યું કે સામે પક્ષે મૌખિક માફી આવી ગઈ છે, તો ચાલો સર્વે તેમને ક્ષમા પાત્ર ગણી લઈએ. ગ્રુપ ચલાવે તો આનંદ જ છે, પણ તેનું સંચાલન મૌલિક પણે કરે. બીજાની પર ન જ કરે.. એ ગમશે.



સર્વે નવા જૂના સભ્યોનો આભાર ને પ્રદીપભાઈનો પણ આભાર કે સત્ય જાહેર કર્યુ. કલમના કસબીની પણ અને દ્રંર ની હું બન્ને પક્ષે નિપક્ષ નિર્ણાયક છું તમારો પ્રેમ હશે ત્યાં સુધી રહીશ. પણ તટસ્થતા મારો સ્વભાવ છે ને સત્ય પથ પર ચાલું છું માટે બસ વિનંતી કરું છું મૌલિકતા પર લક્ષ રાખશો.આપણી પાઠશાળાનું ઉચ્ચ લક્ષ જાળવશો

NOG ની એડમીન પેનલ ને બધાંજ સરખા સહૃદયી સભ્યોમાંની એક.

જયશ્રી પટેલ,દાદીશા

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા
વિષય : ર્દુર ગ્રુપ ના સભ્ય, પૂર્વ સંચાલક જીજ્ઞા કાપુરિયાં ના "સાહિત્ય ચોરી"વિષયક રજુવાત અને સભ્યો ના પ્રતિભાવો, એડમિન ટીમ નિર્ણય..
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

-------------------------------------

## NOG SS NO:0002

ઈર્ષા, અદેખાઈ અને દ્વેષ

"ઈર્ષ્યાની કળા કરે મનુષ્યને રાતાપીળા"

ઈર્ષ્યા, અદેખાઈ અને દ્વેષ આ ત્રણે આસુરી તત્ત્વો છે કે જેની આગમાં માનવી આખો જન્મારો બળતો જ રહે છે!

આ વૃત્તિનાં લોકો સ્વયંમ તો નિષ્ફળ હોય જ છે પણ સાથે બીજાની સફળતા જોઈ નથી શકતાં . તમને કેમ પાડવા એ જ એમનો ધ્યેય એને માટે ખોટાં આક્ષેપો એ પણપાયા વિહોણાં આવી રાક્ષસીવૃત્તિનાં લોકો કરતાં અચકાતા જ નથી! આ નબળા માણસની નિશાની છે .જે મનુષ્ય આધ્યાત્મિક ધર્મમાં નબળો હોય છે એ જ ઈર્ષ્યાળુ હોય છે.આવા મનુષ્ય એ સમજવા તૈયાર નથી કે નશીબથી વધારે કોઈને કાંઈ જ મળતું નથી. આવા ઈર્ષ્યાળુ તત્વ તમને ડગલે ને પગલે મળી જશે ગમે તે ક્ષેત્રમાં એ પછી સાહિત્ય ક્ષેત્ર કેમ ન હોય !

અહીં મને એક વાત યાદ આવે છે એક કઠિયારો કુહાડીથી લાકડાં કાપતો હતો ત્યારે ડાળી રડતી હતી . એને જોઈ ઝાડે પુછ્યું , "તું કેમ રડે છે?" ત્યારે ડાળીએ બહુ સરસ જવાબ આપ્યો ,"મને કપાવાનું જરાપણ દુઃખ નથી પણ મારાં પર જે પ્રહાર થાય છે એ હાથો મારા જાતભાઈનો છે!

આપણાં જ આપણી પર પ્રહાર કરે તો ફરિયાદ કોને કરવી? એટલે મારું દુઃખ ઓછું કરવા હું રડું છું".

ખરેખર મિત્રો , આ ડાળીની જેમ આપણે પણ એ સહન નથી કરતાં આપણી સાથે રહીને આપણાં પીઠ પાછળ કોઈ વાર કરશે .

આજે મને એક સત્ય હકીકત કહેવાનું મન થાય છે અમારું એક કલમના કસબી સાહિત્ય ગ્રુપ છે જેમાં સાહિત્યની અલગ અલગ પ્રવૃતિ ચાલે એમાં એક ભાઈ એડ થયાં જેવાં એડ થયાં એટલે એમણે ગ્રુપને તોડવા માટે નાના પ્રકારનાં કાવતરાં ચાલું કર્યા પહેલાં તો અમારાં નિર્ણાયક શ્રી જયશ્રીબેન પટેલને એમના ગ્રુપમાં આવીને નિર્ણાયક બનવાનો પ્રસ્તાવ મૂક્યો જેની જયશ્રીબેને ચોખ્ખી ના પાડી ત્યાં ન ફાવ્યા તો એક એક મેમ્બર્સને ફોન કરીને એમનાં ગ્રુપમાં લઈ ગયાં એટલુ ઓછું હોય તેમ એમનાં એડમિનને અમારી પ્રવૃતિ જોવા અમારા ગ્રુપમાં લાવ્યા. આટલેથી ન અટકતા અમે જે દર રવિવારે પાઠશાળા કરીએ જેમાં સાહિત્ય સાથે જોડણીનું જ્ઞાન અમે આપીએ એ પણ અમને પૂછ્યાં વગર એમનાં ગ્રુપમાં મૂકે અમારી જેમ જ સ્પર્ધા કરે અમારા જેવા જ સર્ટિફિકેટ બનાવે એનું લખાણ પણ અમારા જેવું એટલે સુધી કે નિયમો પણ અમારા જ ફક્ત એ એમના ગ્રુપનું નામ લખે અમને બધાં કે પણ ખરા આ ગ્રુપ તમારી કોપી કરી રહ્યુ છે તો અમે એમ જવાબ દેતાં કે હશે આ સાહિત્યની સેવા જ છે ને પણ આ ગ્રુપ એમ કયાં અટકવાનું અમે અમારા ગ્રુપની વિજેતા કૃતિઓ પેપરમાં છપાવીએ આ ત્યાં પણ પહોંચી ગયાં. આ ગ્રુપનું બંધ કરી અમને પેપરમાં સથાન આપો , આ કેવુ! એમને જયારે સવાલ કરવામાં આવે તો ઉદ્ધતાઈથી જવાબ આપે મને થયું આ કેવું એક તો "ચોરી ઉપરથી સીનાજોરી" પછી અમે કડક વલણ અપનાવીને એમને અમારા ગ્રુપમાંથી તો રીમુવ કરેલા જ હતા પણ બીજેથી પણ રીમુવ કર્યા. તો આ ભાઈ હજી ન અટકતાં ખોટાં આક્ષેપ કર્યા અને સાબિત ન કરી શકતાં હાંસીપાત્ર ઠર્યા.

મારો એક સવાલ છે તમે સાહિત્યની સેવા કરો પણ બીજાનું ગ્રુપ બંધ કરાવી એને પછાળીને આગળ આવવાથી તમને સરસ્વતી વરસે આ ગ્રુપમાં એવાં ઘણા ગુગલે આઝમો અને ઉઠાંતરી કરવાવાળા જે અમે જાકારો આપેલો એ એમનાં ગ્રુપમાં ભરાણાં ગમે તેનું ઉઠાંતરી કરીને પહેલો ક્રમાંક પણ મેળવે આવાં ઉઠાંતરી કરવાવાળા ગ્રુપની સાહિત્યમાં શું જરુર?

મને તો એ ગ્રુપનાં સભ્યો ને એક સવાલ આવા ગ્રુપમાં રહેવા કરતાં એમને ખુલ્લા પાડશો તો સાહિત્યની એક સેવા જ હશે પણ અફસોસ આપણે ર્હીકિષ્ઠકીની ચાહમાં આંખ આડા કાન કરીએ છીએ કદાચિત એટલે જ આવા ચોરી કરનારા ફાવી ગયાં છે .

હું તો એમનાં એડમિનને અને સભ્યોને ફક્ત એટલું જ કહીશ આમ ખોટાનો સાથ આપી તમે કર્મ જ બાંધી રહ્યા છો.

જરા એટલો વિચાર કરજો જે ગ્રુપ ઉઠાંતરી કરીને આગળ આવતું હોય એ આપને શું મદદ કરશે ?લખો અને સાહિત્યને નામે નામ કમાવું એ અયોગ્ય જ કહેવાય!

ગ્રુપ ભાવના કેળવો નામ ભાવના નહિ.

(કલમના કસબી એડમિન પેનલ)
જીજ્ઞા કપુરિયા "નિયતી",જયશ્રી પટેલ

-------------------------------------

## NOG SS No. 0039

કોઈની રચનાની ચોરી કરવી, કોપી કરીને પોતાના નામે ફરતી કરવી એ વિશે જિજ્ઞાબેનની પોસ્ટ મેં પણ વાંચી હતી.પ્રદીપભાઈની પોસ્ટ સાથે હું સંમત છું. જિજ્ઞાબેનનો ગુસ્સો વ્યાજબી છે.

વાંચો બધાનું. સાહિત્યના રસિકને બધું વાંચવું ગમે, એનો આનંદ લેવો, એમાંથી કંઈક શીખવું, કંઈક રચનાત્મક વિચારવું, એમાંથી જે ગમ્યું હોય એના વખાણ કરવા, લેખકને પ્રોત્સાહન આપવું એ સાચા સાહિત્યના ચાહકના ગુણો છે. પણ એ રચનાને પોતાના નામે ચઢાવી દેવી એ ગુનો તો છે જ પણ એ લેખકનું બહુ મોટું અપમાન છે.

એ લખો જે તમારા મનનાં ઉગે, વિસ્તરે અને મ્હેંકે. કોઈ પણ વસ્તુની ચોરી એ ગુનો છે પણ રચનાની ચોરી એ લેખકની લાગણી, એના વિચારો, એના આલેખનનું અપમાન છે પણ ચોરી કરીને પોતાનું નામ મૂકીને રચના ફરતી કરવી એ ઘોર ગુનો છે, એ વ્યક્તિનું વ્યક્તિત્વ બહુ નબળું અને નિંદનીય ગણાય.

આવી ભૂલ વ્યક્તિને ક્યાંયની નથી રહેવા દેતી.

પ્રફુલ્લા "પ્રસન્ના"

-------------------------------------

## NOG SS No..0019

લખું તો મૌલિક લખું.. કદી નકલ નથી કરી, કરીશ પણ નહીં. શમને ઉઠાંતરી કરે છે લોકો, એ ખબર પણ હમણાં પડી.હું કોઈ સિદ્ધહસ્ત કવિ નથી. આવડે એવું લખું. ઘણા ગૃપમાં છું. પણ સર્ટિફિકેટ કે નંબર કે પેપરમાં આવે એવો મોહ જ નથી. લખાય તો લખું... પરાણે લખતી પણ નથી.

ઘણા ગૃપો ચાલે છે, કોપી પણ થાય છે. દૂષણ ખરાબ છે. સાચો સાહિત્યક કદી નકલ ન કરે.સત્યને સાથ આપે. કોઇને દુખ થાય એવું વર્તન ન કરીએ.લખવાનો આનંદ લઈએ. જીગ્નાબેને જે ગુસ્સો કર્યો એ એમની રીતે યોગ્ય છે.

આવા વિવાદો ન થવા જોઈએ.

કલ્પનાબેન ત્રિવેદી,સુરેન્દ્રનગર

-------------------------------------

## NOG SS NO :- 0090

સમાચારોમાં કોપી પેસ્ટ ની ઉઠાંતરી / દીપક જગતાપ

આજકલ ઉઠાંતરી શબ્દ સામાન્ય થઈ પડ્યો છે. કોઈ પણ ક્ષેત્રમાં ઓછી મહેનતે તૈયાર ભાણું મળી જાય એવું લોકો ઈચ્છે છે. પણ આજકાલ સાહિત્યમા, પત્રકારત્વ મા ખાસ કરીને સોસીયલ મીડિયામાં કોપી પેસ્ટ સમાચારોની ઉઠાંતરી ખુબ ચાલે છે. દૈનિક અખબારો મા સમાચાર બીજા દિવસે આવે છે સોશિયલ મીડિયામા પોર્ટલ વેબ ન્યૂઝ બહુ ફાસ્ટ ચાલે છે. સમાચાર માહિતી તરત વાઇરલ થઈ જાય છે. ઘણા લોકો એની કોપી પેસ્ટ કરીને બીજાનું નામ કાઢીને પોતાનું નામ લખી દે છે. સમાચારો તો મોટે ભાગે કોપી પેસ્ટ થઈ જાય છે. કેટલાક એમાં થોડોક ફેરફાર કરીને ટાઇટલ બદલીને ન્યૂઝ ચડી જાય છે. જોકે એ માટે તો મૂળ લેખકે પત્રકારે જાગૃત રહેવું પડશે. જોકે અનુભવી લોકો આવી માહિતી જોઈને ઓળખી પણ લે છે. એટલે આ બદી થી દૂર રહેવું જોઈએ. મૌલિક સર્જન જેવું ઉત્તમ બીજું એકેય નથી. એમાં આપની મહેનત અને ટેલેન્ટ ના દર્શન થાય છે

-------------------------------------

## NOG SS No/022

વિષય : ઉઠાંતરી

આજનો ચર્ચાના ચકડોળે ચડેલો વિષય છે 'ઉઠાંતરી'. જો કે માણસની ચોરી કરવાની વૃત્તિ નવી નથી. પરાપૂર્વથી આ થતું આવ્યું છે. મનુષ્ય અનેક અવગુણોથી ભરેલો છે. કોઈ વ્યક્તિ બહુ મહેનત કરીને કમાય છે અને ચોરવૃત્તિની વ્યક્તિ તેની સંપત્તિ ચોરી કરીને રાતોરાત પ્રસિદ્ધ થઈ જાય છે.

'બીજાનું લઈ લેવું' એનાથી હીન કશું જ નથી. એમાં પણ બૌદ્ધિક સંપદા ચોરી લેવી એ તો મહાઅપરાધ શ્રેણીનો છે. જ્યારે કોમ્પ્યુટર અને ઇન્ટરનેટનું અસ્તિત્વ નહોતું ત્યારે અનેક સંગીતકારો વિદેશી ધૂન ઉઠાવીને તેનું ભારતીયકરણ કરીને હિંદી ફિલ્મોમાં ઠપકારી દેતાં. ગુગલ પર હવે સર્ચ કરીએ તો એવા સંગીતકારોનાં નામ મળી જશે જેના વિશે આપણે સ્વપ્નમાં પણ વિચારી ન શકીએ કે આ સંગીતકારે પણ ચોરી કરી.

સોશિયલ નેટવર્ક સાઈટો આવ્યા પછી જેમ નવા સાહિત્યકારોને નવું જોમ મળ્યું એવું જ ઉઠાંતરી કરનારને પણ મોકળું મેદાન મળી ગયું. જો કે મને ઘણીવાર આશ્ચર્ય થાય કે આમાંથી તે કંઈ કમાવાના નથી તો શા માટે આવું કરતાં હશે! કયો સુષુપ્ત અહંકાર સંતોષવો હશે! ઓનલાઇન પોર્ટલ ઉપર એવા ઘણા લેખકોને જોયા છે જે બીજાની રચના પોતાના નામે મુકી દે છે. મારા ધ્યાનમાં ઘણા કિસ્સા આવ્યા અને મેં રીતસર ફરિયાદ પણ કરી છે. તેમાંથી સૌથી આશ્ચર્યજનક કિસ્સો હેરી પોટર નવલકથાનો છે. એક વ્યક્તિએ તેનું ગુજરાતી વર્ઝન પ્રતિલિપિ ઉપર પોતાના નામથી મુકી દીધું અને તેમાં પાછા કોમેન્ટ કરનારા પણ મળી આવ્યા "બહેન, સરસ લખો છો. આવું જ લખતાં રહો." મેં ફરિયાદ કર્યા પછી તે હટાવવામાં આવી.

હમણાં એક કિસ્સો ધ્યાનમાં આવ્યો કે એખ વ્યક્તિએ કલમના કસબી ગ્રુપમાંથી માણસો તોડીને નવું ગ્રુપ બનાવ્યું જ્યાં અહીંની દરેક બાબત ચોરી કરી. ગ્રુપ બનાવવું એ અપરાધ નથી. જો સાહિત્યની સેવા કરવી હોય તો પોતે સાહિત્યના જાણકાર બનો અને પોતાની રીતે બધું કરો. અહીંની જાણકારી ત્યાં રજામંદી વગર શેર કરો એ ચોરી જ છે. આવા ચોર લોકોના ગ્રુપમાં રહેવું એટલે હાથે કરીને પોતાની તિજોરીની ચાવી તેમના હાથમાં આપવા જેવું છે. આવતીકાલે તમે જ લખેલી વાર્તા કે કવિતા તે વ્યક્તિના નામે ફરતી હશે.

હું આવા ચોરોથી સતર્ક રહું છું અને ચોરી દેખાય તો જે તે લેખકના ધ્યાનમાં લાવું છું. કારણ જો અત્યારે બીજાના ઘરમાં ચોરી થતી હોય તો કાલે મારા ઘરમાં પણ થઈ શકે.

-------------------------------------

## NOG SS No: 0097

પ્રતિભાવઃ

મિત્રો ને પણ આવો ઉઠાંતરી નો અનુભવ થયો છે

મારું ૨૦૧૦ માં પ્રકાશિત પુસ્તક "ખાંયણા અને હાલરડાં" ૩૩પાનાનું આખું પુસ્તક એમના ૧૫૦ પાનાના પુસ્તકમાં પ્રસ્તાવના, પુસ્તક પરિચય,ઋણ સ્વીકાર સહિત સીફતથી સમાવિષ્ટ કરી દીધું.એ બેન ઉંમરમાં મારાથી ૨૦ વર્ષ મોટા.આવીઉઠાંતરીને શું કહેવાય?

એટલે ચોક્કસ જ યોગ્ય પગલાં લેવાવા જ જોઈએ એવું મારું મંતવ્ય છે.

વર્ષાબેન દેસાઈ, એડવોકેટ

-------------------------------------

## NOG SS No.0059

વિષયઃ "સાહિત્ય ક્ષેત્રે", 'ડકેતી'.

મિત્રો, ધન-દોલતની ચોરી કરનાર કોઈ વખત,સમય-સંજોગોને આધીન ચોરી કરેછે, ત્યારે તેનો અંતર આત્મા તેને જરૂર ડંખતોજ હશે, પરંતું આ સાહિત્યના ડકેતોને અંતર આત્મા હશેજ નહીં, કારણ આ ડકેતો,ભણેલાં-ગણેલા હોયછે અને સારા સારા પરિવારના નબીરા હોયછે.

જેમની ચોરી વ્યવસ્થિત અને ગણત્રી સાથે હોયછે,જેમાં તેને

બીજાની મહેનતે ફક્ત ને ફક્ત ખોટી નામના,ફોટો-સર્ટીફીકેટ કે

કોઈ વખત મીજં લેખકની ટ્રોફી ની લાલસા આટલુ હીન કામ તેજછે, ડકેતોની ડકેતી.

હાં આવાં ડકેતોને પણ પ્રોત્સાહન આપનાર લેભાગુઓ,

ગૃપો ખોલી પોતાના નામની ખોટી લાલસાને પોષેછે.

કોઈની રચનાની ચોરી એટલે તેનાં સર્જનની ચોરી.સર્જક માટે તે સર્જન, સંતાન સમાનજ હોયછે.

આવા સાહિત્ય ક્ષેત્રના ડકેતોને પકડવાનું એક જોરદાર અભિયાન ચલાવી તેઓને,

" ન ઘરનાં ન ઘાટના" કરી, દરેકને ગૃપ વગરના બનાવી તેની શાન ઠેકાણે લાવવા માટે બધાં આગળ આવી આપણી ફરજ બજાવીએ.

જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

-------------------------------------

## NOG SS No-0011

સાહિત્ય સરિતા

શીર્ષકઃ- સાહિત્યમાં ઉઠાંતરી.....????

સાહિત્યમાં ઉઠાંતરી એટલે કોઈપણ રચનાને કોપી કરી તેમાં નામ અથવા થોડા-ઘણા સુધારા સાથે રચનાને રજૂ કરવી તેને ઉઠાંતરી કહેવાય.

કોઈ પણ ફિલ્મી ગીતમાં રાગ મુજબ શબ્દો લગાડીને ગીત બનાવવું એ પણ એક જાતની ઉઠાંતરી કહેવાય. ઘણી વખત સાહિત્યજગતમાં લોકો ગીત, કથાવસ્તુમાં કાપકૂપ કરીને વાર્તાઓને મસાલા સાથે રજૂ કરતા હોય છે. સિનેમાજગતમાં પણ અન્ય ભાષાનાં ગીતોને ફિલ્મી ભાષાનાં ગીત મુજબ આવરી લેવામાં આવે છે. કથાવસ્તુને પણ થોડા મરી-મસાલા સાથે રજૂ કરવામાં આવે છે.

ઘણી વખત કવિઓ ,વાર્તાકારો, ગઝલોકારો માટે ચર્ચાનો વિષય છે કે તેઓની રચનાની, શબ્દોની ઉઠાંતરી.

સાહિત્યમાં ઉઠાંતરી કરવી એ ઉઠાંતરી કરનાર માટે ક્ષોભજનક છે.

કવિ કેટલાય દિવસોની મથામણ પછી પોતાની લાગણીઓને શબ્દોમાં તોલી તોલીને એ શબ્દોને શણગારતો હોય છે. એક એક શબ્દની પાછળ કલાકોની જહેમત હોય છે. એ જ રચનાની ઉઠાંતરી કરનાર નામ કે થોડાક સમાનાર્થી શબ્દો લગાવીને પોતાના નામે કરે છે.

શા માટે આવી રીતે સાહિત્યમાં કવિતા, ગઝલ, વાર્તા ની ઉઠાંતરી થાય છે? -એક જાહોજલાલી માટે, નામ મેળવવા માટે ,સર્ટિફિકેટ માટે, સમાજમાં એક આગવું સ્થાન મેળવવા, એવોર્ડ મેળવવા.. વિગેરે.

માતૃભાષા મા સમાન છે. માતૃભાષાનું સંવર્ધન ને જતન કરવી આપણી ફરજ છે. તેની શોભા જાળવવી તથા માન સન્માન જાળવવું જોઈએ.

ચાલો, આપણે સૌ ભેગા થઈ માતૃભાષા અભિયાન કરીએ. સાહિત્યમાંથી ઉઠાંતરીને અટકાવીએ. કવિઓ , લેખકો, વાર્તાકારો,સાહિત્યકારોને માન સન્માન આપીએ.

મનોજકુમાર પંચાલ,'મન' પાલનપુર

-------------------------------------

## NOG SS No : 0048

મૌલિકતા એ લેખકનું આભૂષણ છે. એ મૌલિકતા વિચારોની હોય કે અભિવ્યક્તિની. લેખક એની વિશિષ્ટ લેખનશૈલીથી ઓળખાય છે અને વાચકોમાં આગવુ સ્થાન ધરાવે છે. ઉઠાંતરી એ સાહિત્યનાં ઉપાસક માટે કલંક સમાન છે, વિદ્યાની દેવી સરસ્વતીનું અપમાન છે.

સાહિત્યનાં અનેક ગૃપ હોઈ શકે, કદાચ એવું બને કે નિયમો અને સ્પર્ધામાં થોડી સમાનતા હોય, પણ એક ગૃપનું બીજા ગૃપમાં બેઠું ઉઠાવી લેવું એ ન ચલાવી લેવાય.

આપણે જેટલા પણ ગૃપમાં હોઈએ, મુખ્ય હેતુ શીખવાનો અને જે-તે ગૃપ પ્રત્યે વફાદારીનો રાખવો.

પ્રકૃતિ 'પ્રીત'

-------------------------------------

ચમારી દ્રષ્ટિએ.....

જીજ્ઞાબેન, આપ શ્રી આપની રીતે બિલકુલ સાચા છો. છો, અને હંમેશા રહેશો.પણ દરેક મનુષ્યમાં સાહિત્ય ક્ષેત્રે ઉંચી અને આગવી સમજ હોય જ તો કોઈ ગ્રુપની કે કોઈની રચના ઉઠાંતરી કરવાનો સમય આવે જ નહી. બરાબરને .... જીજ્ઞાબેન,આપની રચનાઓની ભૂતકાળમાં ઘણી ઉઠાતરી થઈ છે. અને અણસમજ માણસો હજુ પણ સમય જતા ઉઠાંતરી કરશે જ. કારણકે કહેવત છે ને કે કૂતરાંને પૂંછડી વાંકી. અમુક માણસોની આદત હોય છે કે એ એવું ના કરે તો, એમને ખાધેલું કદાચ પચતું નથી...હું કોઈ ગ્રુપમાં કંઈ જ બોલતી નથી.... પણ સમય આવે સાચુ જ કહીશ... હું પણ શબ્દ વાવેતરમાં છુ. પણ મારી સાથે ક્યારેય કઈ તકલીફ થઈ નથી કોઈ મગજમારી નથી.માન પણ જળવાઈ રહ્યું છે. નિજાનંદ માટે લખીએ... બધાની રચનાઓ

વાંચીએ... એક લાઈબ્રેરી મળી રહે છે

બધા જ ગ્રુપમાં સારુ વાંચન મળી રહેછે

. નિવૃત છુ..માટે

સમયને સારો સાથ વાંચવાનો મળી રહે છે.

જીજ્ઞાબેન એક સારી વ્યક્તિ, સારા વક્તા છે.

નિખાલસ દિલના છે....અને ગ્રુપ માટે ખુબ

જવાબદાર વ્યક્તિ છે.??

ફરી એકવાર મારી દ્રષ્ટિએ કહીશ કે સાહિત્ય

ક્ષેત્રે જીજ્ઞાબેન, જયશ્રીબેન, વિભૂતિ બેનની

ઊંચી ઉડાન છે..એમની પાસેથી ઘણુ શીખવા

મળ્યુ છે. સાથે કલમના કસબી ગ્રુપના પ્રણવભાઇ , મનીષભાઈ, આરતીબેનનો પણ મુખ્ય ફાળો છે. ટૂંકમાં કહું તો અત્યારના બધાજ

ગ્રુપમાં કલમના કસબી અવ્વલ નંબર પર છે.

કારણકે આ ગ્રુપ જાણે સમયના કાંટે કામ કરી રહ્યુ છે.. બીજુ શ્રી પ્રદીપભાઈ રાવલ મોટી હસ્તી

છે અને ગાંધીનગર ગ્રુપમાં સક્રિય ફાળો છે.

એમનો સ્વભાવ પણ ઉમદા છે...

મીના માંગરોલીયા મીનુ

-------------------------------------

## NOG SS No. 0088

વિષય.. સાહિત્યની ચોરી અંગે પ્રતિભાવ

જિજ્ઞાબેનનો લેખ વાંચ્યો. તેમનો સાહિત્ય સર્જનની ચોરી અંગેનો આક્રોશ સર્વથા યોગ્ય જ છે. આજના ટેકનોલોજીના યુગમાં કોપી- પેસ્ટ ખૂબ સરળ બની ગયું છે. સાહિત્યક્ષેત્રે વ્યાપેલું આ ચોરીનું દૂષણ શિક્ષણમાં સંશોધનક્ષેત્રે પણ લૂણો લગાડી રહ્યું છે.. કોઈના થીસિસ કે ડિઝર્ટેશનની સીધી જ ઊઠાંતરી કરી તેનું માત્ર શીર્ષક બદલી લેવું ને વાત પૂરી. પણ હવે આ દૂષણ નાથવા માટે કેટલાંક સુપર સોફ્ટવેર વિકસિત થયાં છે જે ક્યાં, કેટલાં ટકા અને કોનામાંથી સીધી કોપી થઈ છે તે કહી શકે છે અને આવાં સોફ્ટવેર ભારતની ઉચ્ચસ્તરીય શૈક્ષણિક સંસ્થાનોમાં વસાવવામાં આવ્યાં છે. જોકે તે હજું કેટલીક ભાષાઓ પૂરતાં મર્યાદિત છે.. હવે એ દિવસો પણ દૂર નથી કે સાહિત્ય ક્ષેત્રે પણ આ નિયમનો આવી જાય.. અને આ ચોરી અંકુશિત બને.

આમ પણ સાહિત્ય ક્ષેત્ર અપાર છે.. જેટલાં તેમાં ઊંડાં ઊતરો એક અલૌકિક આનંદ લૂંટી શકો. સ્વના હસ્તગતનો આનંદ.. પોતાની કલ્પના ને પોતીકું સર્જનનો આનંદ.. આમ પણ ચીથરાની ચોરી સાળે ચઢી રેશમી-પટ્ટ કે પટોળું કદી ન બની શકે.

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

-------------------------------------

## NOG SS No :-010

પ્રતિભાવ

સત્યમેવ જયતે

ઘણાં ગ્રુપમાં લખું છું.ભગવાનની કૃપાથી હજુ સુધી આવું કંઈ જોયું જાણ્યું નથી. હંમણાથી ઉઠાંતરી માટેની ચર્ચા ખૂબ વંચાતા કંઈક ખોટું થયું હશે જ. નહીંતર જિજ્ઞાબેન આટલો વિરોધ ના કરે. હું એ ગ્રુપમાં હતી જ નહીં એટલે બહુ ખબર નથી. હું જે ગ્રુપમાં છું ત્યાં સાચે જ ખૂબ તટસ્થ અને ખોટું ચલાવી નહીં લેવાય ના મત ધરાવે છે જાણીને ખૂબ ગર્વ થયો. સાહિત્ય ચોરી માટે જ્યારે જ્યારે વાંચ્યું ઘણાં પ્રશ્નો ઉદભવતા હતાં. એમનાં માટે બધાનાં સાથ સહકારથી વિરોધ કરવો જોઈએ. એમાં હું સત્યનો સાથ આપીશ પણ એનાં માટે મારે એક વાત અહીં જણાવવી જરુરી છે એ જણાવું છું.

એક વાત હંમેશાં મને ખટકી રહે છે એ આ સમયે જણાવી દેવું યોગ્ય રહેશે. બે એક વર્ષ પહેલાં જિજ્ઞાબેનની મારું ગોદડું કોઈ ગ્રુપમાં નામ ઠામ વગર વાંચ્યું ત્યારે એટલું મઠારેલુ નહોતું પણ ભાવ ખૂબ સરસ આપણે લેખકોને ભાવ ગમી જાય એટલે ખૂબ ગમે. મેં એ લખનાર કોણ છે તપાસ કરી. ત્યારે હું જિજ્ઞાબેનને ઓળખતી પણ નહોતી. ઘણાંને પૂછ્યું કંઈ ખબર ના પડી. કોઈએ મને કહ્યું તમને ગમે છે તો તમે પોસ્ટ કરો . નામ ખબર પડી જશે. એમની મજાક હું સમજી નહીં. હું સીધી સાદી ભાષા સમજું. મેં પોસ્ટ કરી જોવા કેવી રીતે લખનાર મળશે. અને સાચે થોડાં સમયમાં જ મને કોઈએ કહ્યું તમે આ પોસ્ટ ડીલીટ કરો. એ જિજ્ઞાબેનની છે. એ તમારા ઉપર કેસ કરવાનું કહે છે. એમની પાસેથી જિજ્ઞાબેન વિશે વિગતવાર જાણ્યું. મેં એ પોસ્ટ કરવાનું કારણ પણ જણાવ્યું. એમણે મને સમજાવ્યું કે કોપીરાઇટ શું છે. અને એમણે જિજ્ઞાબેનને પણ કંઈ જ નહીં કરવા સમજાવ્યું . મેં તો પોસ્ટ ડીલીટ કરી. પછી કોપીરાઇટ માટે ઘણી જાણકારી મેળવી. આ એક વાત ઘણી વખત ખૂંચતી હતી જે અત્યારે યોગ્ય સમયે જણાવી દીધી જેથી હું સત્યનો સાથ આપી શકું. મને મારા છોકરાએ પણ કોપીરાઇટ માટે ખૂબ ઊંડું માર્ગદર્શન આપ્યું. ઘણી વખત આ વાત યાદ આવે હસું પણ આવે. અજાણતાં જ બહું મોટો અખતરો કરવા ગઈ હતી. ત્યારથી જે દિલમાં ભાવ આવે એ પોતાનું લખું છું. સમય ઓછો મળે ઓછું લખાય પણ લખવાનું પોતાનું..

જિજ્ઞાબેનને યાદ આવી ગઈ હશે. તમારી ઓળખાણ તો હું ક્યારેય નહીં ભૂલી શકું...

દીપ્તિ પટેલ'શ્રીકૃપા', વડોદરા.

-------------------------------------

## NOG SS No/0044

પ્રતિભાવ

શીર્ષકઃ- સત્યનો ?સાથ.

જીજ્ઞાબેનનો લેખ વાંચી દુઃખ થયું.ચોરી તો જાણે લોહીમાં વણાયેલી હોય એમ કલમના કસબી ગૃપ માં સભ્ય બનીને આવ્યાં અને નિયમો તેમજ બધી જ કામની વિગતો ચોરીને ભાગ્યાં.નવું ગૃપ બનાવી દીધું.

શિસ્તબધ્ધ રીતે ચાલતાં ક.ક.ગૃ.માં કેટકેટલું શીખવવામાં આવે છે. વ્યવસ્થાપકોની કેટલી મહેનત છે.આવો મહેનતનો તૈયાર રોટલો ઉઠાવી જાય એટલે દુઃખ થાય જ.જીજ્ઞાબેનનો આક્રોશ બરાબર જ છે. યુવાનો રાતોરાત પૈસાદાર થવાનાં મોહમાં ઉંધા રસ્તા, ટુંકા રસ્તા અપનાવી ખાડામાં પડે તેવું સાહિત્ય ક્ષેત્રે રાતોરાત પ્રસિધ્ધ થવા આવી ઉઠાંતરી કરે એ શરમજનક ઘટના છે.જીજ્ઞાબેને નામ સહિત જાહેર કર્યું એ યોગ્ય જ છે.આ જોઈને આવી રીતે ભોગ બનેલાંને જાહેર કરવાની હિંમત આવશે અને ઉઠાંતરી કરનાર આવા ગોરખધંધા બંધ કરશે.

હું પણ એ ગૃપમાં સભ્ય હતી, પરંતુ ક.ક.ગૃ.માં જીજ્ઞાબેનનો લેખ વાંચ્યા પછી આજે મેં એ ગૃપ છોડી દીધું છે, સત્યને સાથ આપવા.

જીજ્ઞાબેને આ રીતે સાહિત્ય ની સેવા કરી છે. અભિનંદન.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

-------------------------------------

## NOG SS No. 0075

વિષય : સાહિત્યમાં ઉઠાંતરી અંગે પ્રતિભાવ

સાહિત્યમાં ઉઠાંતરી

આજે સાહિત્યમાં બીજાની રચનાઓ પોતાને નામે ચડાવી પ્રસિદ્ધિ મેળવવાની આસાન રીત કેટલાક કહેવાતાં લેખકોને ખૂબ રાસ આવી ગઈ છે. જ્યારે જ્યારે આ વાત મુળ લેખકો બહાર લાવે ત્યારે ઉહાપોહ થાય, માફી મંગાય અને ફરી પાછું એજ રગશીયું ગાડું ચાલુ થઈ જાય. મા સરસ્વતીના ઉપાસકોમાં આવું મુલ્યધોવાણ કયી રીતે ચાલી શકે ? કોઈની લીટી નાની કરી મોટા થવાનો ખ્યાલ જ ખોટો છે. જો ભાષાને બચાવવી હોય તો સાહિત્ય ક્ષેત્રે ખેડાણ થવું જ જોઈએ પણ કોઈની મહેનતનું શ્રેય ખોટી રીતે પોતે લઈ તમે કઈ જાતની સાહિત્યસેવા કરો છો ?

સાહિત્ય માનવમનની માટીની સુગંધનું પ્રતિનિધિત્વ કરે છે. આ ક્ષેત્રને પવિત્ર રાખવું તે તમામની નૈતિક ફરજ છે. આવાં તત્વોને ખુલ્લા પાડવા અને યોગ્ય પાઠ ભણાવવો તે પણ સાહિત્યની મોટી સેવા લેખાશે.

કૌમુદી સોની

-------------------------------------

## NOG SS No: 0042

પ્રતિભાવ-

જિજ્ઞાબેનની વાત સાથે સહમત છું. સાહિત્યની ચોરી ચલાવી ન લેવાય ચોરી કરીને લખવા કરતાં મહેનત કરી શીખીને લખવું ઉત્તમ હું એવું માનું છું.

પૂજા(અલકા)કાનાણી

-------------------------------------

## NOG SS NO - 0037

પ્રતિભાવ

નમસ્કાર

બહેન,આપના મત અનુસાર આપની રચનાની ઉઠાંતરી થઈ છે.ખૂબ દુઃખની વાત કહેવાય.સાહિત્યના ઉપાસકો આવું પણ કરી શકે...? જ્ઞાન આપવાથી,મેળવવાથી વધે, ચોરીથી નહીં. બીજી સાઈડ વિચારીએ તો ચોરી કિંમતી વસ્તુની જ થાય.આપની રચના ચોક્કસ લાજવાબ હશે.

કલમના કસબી ગૃપમાં આવું બન્યું છે,આપે બધાં ને જાણ કરી એ સારી બાબત કહેવાય,પરંતુ આપ એડમીન હોય,રચના પણ આપની હોય, તો પછી પહેલો,અને અંતિમ નિર્ણય પણ આપનોજ હોવો જોઈએ.

આ ગૃપના પ્રતિભાવથી શું કરવા જઈ રહ્યાં છો,એ ન સમજાયું.મને ખ્યાલ છે,અહીંયા છે,એમાંથી ઘણાં ત્યાં પણ એડ છે જ.આપ અનુભવી છો, વળી આપની સાથે દાદીસા,પ્રદીપભાઈ,જેવા વડીલોનો સહકાર પણ ચોક્કસ હોય.માટે આપના સાથે સહમત.??

હેમલતા દિવેચા.

-------------------------------------

## NOG. SS NO. 60

સાહિત્ય ચોરી અંગે પ્રતિભાવ.

જિજ્ઞાબેન પાસેથી વાત જાણીને ઘણું જ દુઃખ થયું. સાહિત્યની રચના એટલે મા સરસ્વતીની ઉપાસના. ઉપાસનામાં ઉઠાંતરી?? એ તો આપણી સંસ્કૃતિ જ નથી!

આપણાં બાળકોને આપણે પરીક્ષામાં ચોરી કરવાની ના પાડીએ છીએ ને પછી આપણે વયસ્ક અને સમજુ થઈને એ જ કામ કરીએ છીએ?

ચોરી કરીને આપણે બીજાને બદલે પોતાની જાતને જ છેતરીએ છીએ.

કહે છે ને કે સફળતાનો કોઈ શોર્ટકટ નથી હોતો. આ વાત યાદ રાખવી ખૂબ જરૂરી છે તેમ નથી લાગતું, મિત્રો?

ભગવતી પંચમતીયા.
'રોશની'

વધુ અનુસંધાન પેજ ૨ પર

### ૫૦ બેડની સુવિધા ધરાવતા યુનિટમાં ૧૭૦થી વધુ દર્દીઓએ સફળ સારવાર મેળવી

# “મારૂ ગામ કોરોના મુક્ત ગામ”ના દ્રઢ નિર્ધાર સાથે સિંગરવા ગ્રામજનો દ્વારા આદરવામાં આવ્યો માનવસેવા યજ્ઞ



કોરોનાની બીજી લહેરમાં સમાજ અને સરકારના સહિયારા પ્રયાસોથી કોરોનાની સ્થિતિ પર કાબૂ મેળવવામાં સફળતા મળી રહી છે.

અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય ક્ષેત્રોમાં વિવિધ કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાવવામાં આવ્યા છે. આ કોવિડ કેર સેન્ટરમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના સિંગરવા ગામની સરકારી હોસ્પિટલમાં તારીખ ૮ એપ્રિલના રોજ ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા આ સેન્ટરને કોવિડ કેર સેન્ટર તરીકે કાર્યાન્વિત કરાવવામાં આવ્યું હતું.

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષીને તંત્ર દ્વારા સિંગરવા હોસ્પિટલમાં કોવિડ કેર સેન્ટરનો પ્રારંભ કરાવવાનો નિર્ણય હાથ ધરવામા આવ્યો હતો. જેને આજે એક મહિનો પૂર્ણ થયો છે.

એક મહિનાનો સમયગાળો સિંગરવા ગ્રામ્ય હોસ્પિટલ તંત્ર માટે અતિમહત્વનો રહ્યો છે. ઉક્ત હોસ્પિટલમાં ૧૭૦ થી વધુ ગ્રામ્ય ક્ષેત્રના અને અમદાવાદ પૂર્વ વિસ્તારના કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

મોટાભાગના દર્દીઓ હસતામુખે આ હોસ્પિટલમાંથી સારવાર મેળવી સંપૂર્ણપણે સાજા થઇ ઘરે પરત થયા છે.

સિંગરવા કોવિડ કેર સેન્ટર કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ સેન્ટરમાં ૩૨ ઓક્સિજન સુવિધાયુક્ત પથારી ઉપલબ્ધ છે. ત્રણ બાય-પેપ વેન્ટિલેટર, બે ૐઙ્ઘ્ઢદ્ગઝ(હાઇ ફ્લો નેઝલ કેન્યુલા) ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં ૧૦ વેન્ટિલેટર ઉક્ત હોસ્પિટલમાં કાર્યાન્વિત કરવામાં આવનાર છે.

સિંગરવા કોવિડ કેર સેન્ટરમાં ૫૮૦ થી વધુ રેમડેસિવીર ઈન્જેકશનના ડોઝ સારવાર મેળવી રહેલા દર્દીઓને આપવામાં આવ્યા છે.

આ હોસ્પિટલમાં સુપ્રિટેન્ડેન્ટ ડૉ પી.કે.સોલંકી, ૭ સિનિયર તબીબો જેમાં બાળરોગ નિષ્ણાંત, સર્જરી વિભાગ, ઓર્થોપેડિક વિભાગ, એનેસ્થેસિયા વિભાગના ડૉ.મનીષ જાદવ, આર.એ.મો. સહિતના તબીબો રાઉન્ડ ધ ક્લોક સમગ્ર હોસ્પિટલના વ્યવસ્થાપનમાં લગોલગ કાર્યરત રહે છે.

સિંગરવા કોવિડ હોસ્પિટલમાં ૧૩ નર્સિંગ સ્ટાફ અને ૨૪ જેટલા સફાઇ કર્મીઓ અને ક્લાસ-૪ ના સ્ટાફમિત્રો રાઉન્ડ ધ ક્લોક કોરોનાગ્રસ્ત દર્દીઓની સાર-સંભાળ અને સેવા-સુશ્રુષામાં કાર્યરત રહે છે.

આ હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા દર્દીઓની શારિરીક સારવારની સાથે-સાથે માનસિક સ્થિતિની પણ જાળવણી કરીને કાઉન્સેલર્સ દ્વારા દર્દીઓનું સતત કાઉન્સેલીંગ કરાવવામાં આવે છે. ફીઝીયોથેરાપી પ્રવૃતિઓ, શારિરીક કસરતની જરૂરિયાત ધરાવતા દર્દીઓને તે પ્રવૃતિ સાથે જોડવામાં આવે છે.

સિંગરવા કોવિડ કેર સેન્ટર ના આર.એ.મો. ડૉ.સ્મિતા લાલાણીની સેવા અને કર્તવ્યનિષ્ઠા પણ પ્રેરક છે. તેઓ છેલ્લા ૨ વર્ષથી લગાતાર આ હોસ્પિટલમાં સરાહનીય સેવાઓ બજાવી રહ્યા છે. તેઓનું પરિવાર અમેરિકામાં સ્થિત છે. કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં ઘણી વખત અમેરિકા સ્થિત પરિવારે ડૉ. સ્મિતાને અમેરિકા સ્થાયિ થવા પરિવારજનો દ્વારા કહેવામા આવ્યું. પરંતુ આ તબીબની કર્તવ્યનિષ્ઠા અને કોરોના જેવી કપરી મહામારીમાં દર્દીનારાયણની સેવાની પ્રાથમિકતાને તબીબે પ્રાધાન્ય આપ્યું. અમેરિકા જવાનું ટાળીને હાલ દિવસ – રાત સારવાર મેળવી રહેલા દર્દીની સેવા-શુશ્રુષાની સાથે હોસ્પિટલના વ્યવસ્થાપનમાં અગત્યનો ભાગ ભજવી રહ્યાં છે.

સિંગરવા કોવિડ કેર સેન્ટરમાં સિંગરવા ગ્રામ પંચાયત અને ગામના અગ્રણી શ્રી કુંજનસિંહ ચૌહાણ સહિત સર્વે ગ્રામજનોને કોરોનાની આવી પડેલી આફતનો સામનો કરવા એકજૂથ થઇ સહિયારા પ્રયત્નો હાથ ધર્યા છે. ગામની હોસ્પિટલમા સારવાર મેળવી રહેલા દર્દીઓને ઓક્સિજનની જરૂરિયાત જણાઇ આવતા અગ્રણી શ્રી કુંજનસિંહ ચૌહાણના નેતૃત્વ હેઠળ ગ્રામપંચાયત દ્વારા તાકીદે સમગ્ર વ્યવસ્થાપન હાથ ધરવામાં આવે છે. ગણતરીના કલાકોમાં જ જી.આઇ.ડી.સી. સ્થિત કંપનીમાંથી ઓક્સિજનની સવલત મેળવીને હોસ્પિટલને પૂરી પાડવાની અગત્યની ભૂમિકા ભજવવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સ્થાપના દિનના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા મારૂ ગામ કોરોના મુક્ત ગામ અભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો છે. ગ્રામિણ ક્ષેત્રે ગ્રામ યોદ્ધા કમિટિનું ગઠન કરીને કોરોનાગ્રસ્ત દર્દીઓને પ્રારંભે સઘન સારવારની સાથે શ્રેષ્ઠ સવલતો મળી રહે તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે જ અમદાવાદ જિલ્લાના સિંગરવા ગામ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે.

અમિતસિંહ ચૌહાણ

# કોરોના મહામારીમાં સુઇગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્મા મામલતદાર પ્રવીણદાન ગઢવીની કામગીરી પ્રશંસનીય




કોરોના મહામારીમાં સુઇગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્મા મામલતદાર પ્રવીણદાન ગઢવી કામગીરી પ્રશંસનીય ગામમાં કોરાના વેક્સિન , કોરાના ટેસ્ટ દરેક લોકોને સાથે રહીને કરાવેલ છે તેમજ બે વર્ષથી ગામ લોકોને કોરાનાની મહામારી ચાલી પોતાના માધ્યમથી જાગૃતિ રહી છે ત્યારે આરોગ્ય વિભાગ લાવી રહ્યા છે . જેમાં ઘણી સારી કામગીરી કરી રહી ત્યારે વખત તો તેમની સાથોસાથ પ્રાથમિક પોતાની ગાડી લઈને બીમાર માણસોને હોસ્પિટલ સુધી લઈ પણ આ કાર્યમાં જોડાયા છે . જવામાં મદદરૂપ થયા છે . અને અને લોકોમાં કોરાનામાં તેઓ તેમનો કોરાના ટેસ્ટ જાગૃતિ લાવવા માટે ડોક્ટર ઢ઼િ જનકસિહ રાજપુત અશ્વિનભાઈ પંડ્યા ભાવેશદાન ગઢવી ધનજીભાઈ રાજપુત રૂડાજી રાજપુત એ કરાવે છે . અને જો ટેસ્ટ પણ મોટો ભાગ ભજવ્યો છે . પોઝિટિવ આવે તો તેમની વર્ષથી કોરાના મહામારીમાં અને સારી કામગીરી કરી છે . સારવાર માટે પણ હોસ્પિટલમાં ગામ લોકોની મદદરૂપ થાય જેમાં સુઇગામ તાલુકાના તમામ ગામ મા સાથે જાય છે . તેમજ સરકારની છે . તેમજ સુઇગામ તાલુકા નાના એવા કોરેટી ગામ ના વતની મામલતદાર પ્રવીણદાન ગઢવી સાહેબ ને કોટી કોટી વંદન ગાઈડલાઈન મુજબ માસ્કનુ પણ લોકોને વારમ વાર દરખાસ્ત કરે માસ્ક પહેરો કોરાના મહામારી જાગૃત નિયમોનું પાલન પણ પરવીન દાન ગઢવી મામલતદાર એ જણાવેલ છે તેમજ સુઇગામ અને આજુ બાજના ગામમાં સાવચેતી પોતે લોકો પાસે કરાવવા ૨૪ કલાક ખડેપગે રહી ને રૂપે પ્રયાસ પ્રસાર કરી રહ્યા છે . પ્રયાસો કરે છે . તેમજ છેલ્લા કેટલા સમય રાતે મોડા સુધી કોવિડ હોસ્પિટલ મા હાજર રહી ઓક્સિજન પુરવઠો જળવાઈ રહે તે માટે સતત સેવા આપી રહ્યા છે .મામલતદાર પ્રવીણદાન.ગઢવી Good work ... સાહેબ ....

સાથોસાથ સી.એચ.સી સૂઇગામ ખાતે ફરજ બજાવતા ૧ એક માત્ર ડોક્ટર અનંત ગોહિલ અને સ્ટાફ બ્રધર પિયુષ સાધુ ડ્રાઇવર એમ્બ્યુલન્સ ડ્રાઈવર મુળાભાઈ ૨૪ કલાક સેવા આપી રહ્યા છે.અહેવાલ રમેશભાઈ રાજપુત . સુઇગામ

# નાંદોદ તાલુકાના આંબલી ગામ ૬ વ્યક્તિઓ કોરોના પોઝિટિવ નીકળતા દોડધામ



રાજપીપળા,તા. ૮

નર્મદા માં કોરોના ના કેસો વધી રહ્યા છે.લોકો ટેસ્ટ કરાવતા નથી.રસી મુકવા આવતા નથી.અને ગામમાં બિન્દાસ્ત ફર્યા કરે છે.આવા લોકો કોરોના નું સંક્રમણ વધારી રહ્યા છે.તાજેતરમાં નાંદોદ તાલુકાના આંબલી ગામમાં વ્યક્તિઓ કોરોના પોઝિટિવ કેસ જણાતા ગામલોકોમાં ફફડાટ ફેલાયો હતો.આ બાબતની જાણ અધિકારીઓને થતા રાજપીપળાના પ્રાંત અધિકારી કે.ડી. ભગતે નાંદોદ તાલુકાના ખુંટાઆબા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી.અને ત્યાં આરોગ્ય કેન્દ્ર ખાતે થઈ રહેલી આરોગ્યલક્ષી સેવાઓ અને કામગીરીનું નિરીક્ષણ કરી જાત માહિતી મેળવી હતી.આ મુલાકાત દરમિયાન ખુંટાઆબા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે આંબલી ગામના ૬ વ્યક્તિઓ કોરોના પોઝિટિવ હોવાની જાણકારી મળતાં અધિકારી ચોકી ઉઠયા હતા.અને કે.ડી.ભગતે તુરંત જ ગામના સરપંચ, મેડીકલ ટીમ અને ગામના આગેવાનોને સાથે રાખીને આમલી ગામના આ ૬ પોઝિટીવ કોરોનાગ્રસ્ત દરદીઓને સમજાવીને આંબલી ગામ ખાતેના કોવિડ કેર સેન્ટરમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યાં હતાં. કોરોનાના કેસ હવે ગામડાંઓમાં કરવા માંડ્યો છે.તે ચિંતાનો વિષય બન્યો છે.

રિપોર્ટ :જયોતિ જગતાપ,રાજપીપળા

# મેઘરજના ઈપલોડા ગામે હેલ્થ એન્ડ વેલનેસ કર્મચારીઓના અભાવે સેન્ટરને ખંભાતી તાળા

અરવલ્લી બ્યુરો મઠવાસ

મેઘરજ તાલુકાના ઈપલોડા ગામે સાત વર્ષ અગાઉ બનાવેલ આયુષ્યમાન ભારત યોજના હેઠળ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર કોરોના કાળમાં રોજ ખંભાતી તાળુ લાગેલુ જોઇ ગ્રામજનો રોષે ભરાયા છે,ઈપલોડા સહીત આસપાસ ના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં ઘરે ઘરે તાવ ઉધરસ તેમજ ખાંસીના દર્દીઓ જોવા મળી રહ્યાછે.

નાના મોટા ક્લિનીકો ના કંપાઉન્ડર તેમજ ડી.એચ.એમ.એસ ડૉક્ટરો હાલ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે,ડૉક્ટરો પ્રાથમિક સારવાર આપી રહ્યા છે.પરંતુ ઈપલોડા ગામમાં બનાવેલ આયુષ્યમાન યોજના હેઠળનું હેલ્થ સેન્ટર ન ખુલતા લોકોને કોરોના મહામારી માં હાલાકી ભોગવવા નો વારો આવ્યો છે.આસપાસ ના વિસ્તારના લોકો લાચાર બની પોતાની જીંદગી જોખમ ન મુકાય એ સ્થાનિક ખાનગી ડૉક્ટરો પાસેથી સારવાર લઇ રહ્યાછે ગામમાં હેલ્થ સેન્ટર હોવા છતાં તંત્રની લાલીયા વાળી ને લઇને વિસ્તારના લોકોને આરોગ્ય લક્ષી સેવાનો લાભ નથી મળી રહ્યો ત્યારે વહીવટી તંત્ર દ્વારા ઈપલોડા ગામે તાત્કાલીક દવાખાનામાં સ્ટાપ મુકવા વિસ્તારના લોકોની માંગ ઉઠીછે.

# અરવલ્લીના પોલીસકર્મીને બઢતી મળતા મીઠાઈ નહિ, માસ્ક આપી અનોખી પહેલ કરી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા હેડક્વાર્ટરમા ફરજ બજવતા પોલીસ કર્મચારી રાહુલકુમાર ધીરુભાઇ ને કોન્સ્ટેબલ માંથી હેડ કોન્સ્ટેબલ તરીકે નુ પ્રમોસન મળતા તેઓએ આ ખુશીના પ્રસંગે મીઠાઈ વહેંચવાની જગ્યાએ જીલ્લામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી ભાઈઓ નુ સ્વાસ્થ્ય જળવાઈ રહે અને કોરોના સામે રક્ષણ મળે તે હેતુથી ૨૫૦૦ જેટલાં માસ્કનુ વિતરણ કર્યું હતું,બઢતી પામેલા કર્મચારીની અનોખી પહેલને વધાવી લીધી હતી અને સાથી પોલિસ મિત્રોએ હેડ કોન્સ્ટેબલ રાહુલકુમાર ને શુભેચ્છાઓ પાઠવી હતી.

## કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન દ્વારા

# “કોરોનાની હોમિયોપેથીક સારવાર” વિષય પર લાઈવ વેબિનાર




આજના સમયમાં હોમિયોપેથી એ ખૂબ જ ઝડપથી વિકસિત થતી ચિકિત્સા પદ્ધતિ છે અને તેની સેવા લગભગ સંપૂર્ણ વિશ્વમાં ફેલાયેલી છે. દવાની ગોળીની સલામતી અને કાળજીની સૌમ્ય પ્રકૃતિને લીધે ભારતમાં આ નામ હવે લગભગ ઘરઘરમાં જાણીતું બની ગયું છે. એક સામાન્ય સર્વે અનુસાર, ભારતની કુલ વસ્તીના લગભગ ૧૦ ટકા લોકો તેમની સ્વાસ્થ્યની જાળવણી માટે ફક્ત હોમિયોપેથી દવા પર આધાર રાખે છે અને દેશમાં આ પ્રણાલી બીજી સૌથી જાણીતી પ્રણાલી તરીકે પ્રસિદ્ધ છે. ભારતમાં હોમિયોપેથીની સારવાર શરૂ થયાને દોઢ સદી જેટલો સમય થઇ ગયો છે.

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન દ્વારા “કોરોનાની હોમિયોપેથીક સારવાર” વિષય પર લાઈવ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબીનારમાં હોમિયોપેથીની મદદથી કઈ રીતે કોરોનાની સારવાર કરી શકાય એ અંગે ગુજરાતનાં રાજ્યપાલનાં હોમિયોપેથીક એડવાઈઝર, ગુજરાત હોમીઓપેથી ડેવલોપમેન્ટ બોર્ડનાં ચેરમેન, ગુજરાત હોમિયોપેથી કાઉન્સિલનાં પૂર્વમંત્રી અને હાનેમાન હોમીયોપેથી મેડીકલ કોલેજનાં પૂર્વ આચાર્ય ડૉ. એન. જે. મેઘાણી માર્ગદર્શન આપશે. આ વેબીનાર ૯ મે, રવિવારે, સવારે ૧૦:૦૦ કલાકે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનીમલ હેલ્પલાઇનનાં ફેસબુક પેઈજ http://www.facebook.com/animalhelplinekarunafoundation/ પર પ્રસારિત કરવામાં આવશે. વેબિનાર દરમિયાન પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે, ડૉ મેઘાણી તેના જવાબો પણ આપશે. સૌને આ વેબીનારમાં જોડાવા માટે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇન-રાજકોટના મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતનાઓએ અપીલ કરી છે.

# ભિલોડાના નાંદોજ જિલ્લા પંચાયતના સદસ્યનું કોરોનાની બીમારીથી નિધન



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લાના ભિલોડાના નાંદોજ જિલ્લા પંચાયતના સીટના ભાજપના સદશ્ય હસમુખભાઈ મોડિયાનું અમદાવાદની યુ.એન મહેતા હોસ્પિટલમાં ૨૫ દિવસની સારવાર દરમિયાન કોરોના સામે જંગ હાર્યા હતા,હસમુખભાઈ મોડિયાના નિધનથી અરવલ્લી જિલ્લાએ વધુ એક પ્રતિભાશાળી આગેવાન ગુમાવતા સમગ્ર જિલ્લા પંથકમાં ઘેરા શોક ની લાગણી પ્રસરી છે,હસમુખભાઈ મોડિયા ને શરદી ખાંસીના સામન્ય લક્ષણો જાણતા તબીબી તપાસની કરાવતા કોરોના સંક્રમિત થયા હોવાનું માલુમ પડતા જ તબીબની સલાહ મુજબ અમદાવાદની યુ.એન મહેતા હોસ્પિટલમાં તેઓ દાખલ થયા હતા કોરોના સામે જંગ જીતવા માટે મક્કમ મનોબળ સાથે હસમુખભાઈ મોડિયા સતત સારવાર લઈ કોરોના જંગ સામેના લડત લડતા હતા પરંતુ ૨૫ દિવસ ની સારવાર પછી કોરોના સામે જંગ હાર્યા હોવાના શનિવારની સવારે દુઃખદ વાવડ મળતા સામાજિક અને રાજકીય લોકો ઘેરા શોક માં ઘરકાવ થઈ ગયા હતા,હસમુખભાઈ ભિલોડા અને મેઘરજ તાલુકાના એક કર્મશટ શિક્ષત અને બાહોશ વક્તા હતા, ઉદ્યોગ સાહસિક સોમ્ય સ્વભાવ વાળું વ્યક્તિત્વ સૌને સાથે લઈને ને ચાલનારા ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર અને આદિવાસી સમાજના આગેવાનના નિધન થી સમાજ અને ભારતીય જનતા પાર્ટીને મોટી ખોટ પડી વર્તાશે.હસમુખભાઈ મોડિયાના ધર્મ પત્ની નીલાબેન અને મોડિયા પરિવાર ઉપર આવી પડેલી આફતને પ્રભુ સહન કરવાની શક્તિ આપે એવી લોકો પ્રાર્થના સહ દુઃખદ સંદેશઓ પાઠવ્યા હતા.

# કાંકરેજ દુદાસણ ગામે રસીકરણની સરાહનીય કામગીરી



કાંકરેજ

દેશમાં કોરોના ની બીજી લહેર ઉગ્ર બની છે.રાજ્ય સહિત જિલ્લા અને તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં પણ કેસ વધી રહ્યા છે. ત્યારે કોરોના થી રક્ષણ માટે સરકાર દ્વારા રસીકરણ અભિયાન શરૂ કરાયું છે.ત્યારે કાંકરેજ તાલુકાના દુદાસણ ગામે આરોગ્ય કેન્દ્ર ના કર્મચારીઓ દ્વારા લોકોમાં જાગૃતિ લાવી આ અભિયાન ગતિશીલ બને એવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કોરોના સંક્રમણ અટકાવવા ફ્રન્ટ લાઈન વોરિયર્સ ગણાતા આરોગ્ય વિભાગના તમામ લોકો તનતોડ મહેનત કરી રહ્યા છે. આ રસીકરણ અભિયાન અંતર્ગત અંકિતાબેન,વિજયભાઈ, આરતીબેન, પાયલબેન, અને તેમના સ્ટાફ દ્વારા લોકોમાં જાગૃતિ લાવી .સરસ કામગીરી કરવામાં આવી રહી છે.






# સરકારી તંત્ર દ્વારા કોરોના દર્દીઓને તાત્કાલીક ધોરણે સારવાર મળી રહે તેવી સૂચના આપી

રાજપીપળા, તા. ૬

હાલ નર્મદામાં કોરોનાના કેસો વધી રહ્યા છે.અને રોજેરોજ મોતના આંકડા પણ વધી રહ્યા છે.ત્યારે તેને કંટ્રોલ કરવા તંત્ર સફળ થતું નથી. ખાસ કરીને દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં પણ કોરોના ના કેસો વધ્યા છે.અને લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે સરકારી તંત્ર દ્વારા કોરોનાના દર્દી ઓને તાત્કાલિક ધોરણે સારવાર મળી રહે તે હેતુથી દેડીયાપાડા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર, કૃષિ ઈજનેરી કોલેજ તથા સાગબારા તાલુકામાં આદર્શ નિવાસી શાળા ખાતે કોરોના કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.જ્યાં દેડિયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવા રૂબરૂ મુલાકાત લીધી હતી આરોગ્ય વિભાગના સ્ટાફને દર્દીઓ સાથે સારવાર માટે જરૂરી સાધનસામગ્રી બાબતે ચર્ચાઓ કરી હતી. અને કોરોના કેર સેન્ટર સુધી વધુને વધુ લોકો આવી સારવાર કરાવે એવી અપીલ કરી હતી.અત્રે નોંધનીય છે કે અગાઉ પણ મહેશ વસાવાએ કોરોના સારવાર માટે જરૂરી સાધનસામગ્રી માટે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૨૫ લાખની ફાળવણી કરી હતી.રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

KMYC